ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૩ ૧ ડિસેમ્બર-૨૦૧૬ પાના-૧૨ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું.

અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહી.

અંતરનું સુખ અંતરની સમશ્રેણિમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.

સમશ્રેણી રહેવી બહુ દુર્લભ છે; નિમિતાધીન વૃતિ ફરી ફરી ચલિત થઈ જશે; ન થવા અચલ ગંભીર ઉપયોગ રાખ.

આ ક્રમ યથાયોગ્યપણે ચાલ્યો આવ્યો તો તું જીવન ત્યાગ કરતો રહીશ,

મુંઝાઈશ નહીં, નિર્ભય થઈશ.

ભ્રમા મા, તને હિત કહું છું.

આ મારું છે એવા ભાવની વ્યાખ્યા પ્રાયે ન કર.

આ તેનું છે એમ માની ન બેસ.

આ માટે આમ કરવું છે એ ભવિષ્ય નિર્ણય ન કરી રાખ.

આ માટે આમ ન થયું હોત તો સુખ થાત એમ સ્મરણ ન કર.

આટલું આ પ્રમાણે હોય તો સારું એમ આગ્રહ ન કરી રાખ.

આણે મારા પ્રતિ અનુચિત કર્યુ એવું સંભારતા ન શીખ.

આણે મારા પ્રતિ ઉચિત કર્યું એવું સ્મરણ ન રાખ.

આ મને અશુભ નિમિત છે એવો વિકલ્પ ન કર.

આ મને શુભ નિમિત છે એવી દ્રઢતા માની ન બેસ.

આ ન હોત તો હું બંધાત નહીં એમ અચળ વ્યાખ્યા નહીં કરીશ.

પૂર્વકર્મ બળવાન છે, માટે આ બધો પ્રસંગ મળી આવ્યો એવું એકાંતિક ગ્રહણ કરીશ નહીં. પુરુષાર્થનો જય ન થયો એવી નિરાશા સ્મરીશ નહીં. બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં. તારે નિમિતે પણ બીજાને દોષ કરતો ભુલાવ. તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું. એ બધામાં તારી લાગણી નથી, માટે જુદે જુદે સ્થળે તે સુખની કલ્પના કરી છે. હે મૂઢ, એમ ન કર.

એ તને તેં હિત કહ્યું.

અંતરમાં સુખ છે. હે જીવ! ભૂલ મા, તને સત્ય કહું છું.

સુખ અંતરમાં છે. તે બહાર શોધવાથી નહીં મળે.

હે જીવ! તુ ભૂલ મા, વખતે વખતે ઉપયોગ ચૂકી કોઈને રંજન કરવામાં, કોઈથી રંજન થવામાં, વા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઈ જાય છે, એ ભૂલ થાય છે. તે ન કર.

**શ્રીમદ્ રાજચંદ્રજી- પત્રાંક-૧૦૮.**

## ''વિવેક અને સાધના'' માંથી સાભાર

જ્યારે કોઈપણ રાષ્ટ્રની સામે-તેની આખી પ્રજા સામે - બધાનો મળીને કોઈ એક પવિત્ર, ઉદાત અને મહાન આદર્શ હોય છે, પોતાની વ્યક્તિગત કામનાઓ, વૃત્તિઓ અને ભાવનાઓ પૈકી કોઈપણ બાબતને મહત્વ ન આપતાં, પોતાના વ્યક્તિગત સુખદુ:ખની પરવા ન કરતા તેમણે પોતાના એ આદર્શ પર નિષ્ઠા દ્રઢ કરેલી હોય છે; તેમજ એ આદર્શ અને નિષ્ઠા માટે પ્રસંગ પડ્યે પોતાના શરીરનું બલિદાન આપવાની તે પૈકી દરેકની તૈયારી હોય છે; ત્યારે તે રાષ્ટ્રમાં બળ, તેજ અને ઉત્સાહનો વિકાસ થાય છે.

સૌથી પ્રથમ આપણને ધ્યેય વિષેની કલ્પના શુધ્ધ અને સ્પષ્ટ થવી જોઈએ તે વિષે આપણે એ ચોક્કસ સમજવું જોઈએ કે જે જે ભવ્ય લાગે તે તે આદરણીય કે અનુકરણીય નથી; આકર્ષક લાગે તે ધ્યેય નથી. કેવળ આનંદ કે સુખપ્રદ લાગે, કેવળ શાંતિ અને પ્રસન્નતા આપનારું હોય તે પણ આપણું ધ્યેય નથી; દિવ્ય કે રમ્ય લાગે તે પણ ધ્યેય નથી. પણ જે માનવતાને સુખરૂપ હોય, સદ્ગુણોને પોષક, સંયમને સહાયક, ધ્યેય અને કર્તવ્યને પ્રેરક હોય, જેને પ્રાપ્ત કરવા માટે પ્રમાણિક માનવી વ્યવહાર અને પરિશ્રમ વગેરેનો ત્યાગ કરવો પડતો ન હોય, જેની પ્રાપ્તિની ઈચ્છા બધા કરે અને બધાને તેની પ્રાપ્તિ થાય તો માનવી વ્યવહાર અધિક સરળ, પવિત્ર અને વ્યવસ્થિત થાય તે સિધ્ધ કરવાનું આપણું ધ્યેય છે. તે ધ્યેય સિધ્ધ કરવું કઠણ હશે પણ તેમાં ભ્રમ નહીં હોય, તેમાં મુશ્કેલીઓ હશે પણ દંભ નહીં હોય. તેમાં હંમેશા આનંદ ન હોય તો પણ કૃતાર્થતા હશે.

તે સિધ્ધ કરવું કઠણ છે તેથી તેની કઠણતાની તીવ્રતા ઓછી લાગે, ભ્રમમાં ન પડાય અને દંભમાં ન ફસાઈએ તે માટે કોઈ અત્યંત પવિત્ર અને મહાન શક્તિ પર આપણી શ્રધ્ધા અને નિષ્ઠા હોય એ જરૂરી છે. બધા અનિષ્ટો અને સંકટોમાંથી બધાં પાપો અને અડચણોમાંથી પાર પાડીને આપણને આપણા ધ્યેય સુધી પહોંચાડવાની શક્તિ તે નિષ્ઠામાં જ છે. ધ્યેય વિષેના આપણા દ્રઢ સંકલ્પથી આપણી નિષ્ઠા જાગ્રત રહે છે. વિશ્વમાં સર્વત્ર વ્યાપેલી મહાનશક્તિ પોતાને ઉપયોગી કરી લેવાનું સૂત્ર અને સામર્થ્ય આપણા દ્રઢ સંકલ્પમાં છે.

**અનુ. કિશોરલાલ મશરૂવાળા, ત્રીજી આવૃતિ.પા.૭ અને ૨૦/૨૧**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

# ગાંધીનો સાદ

મારી ત્રુટીઓ અને ભૂલોને પણ મારી સફળતા અને શક્તિની માફક હું ઈશ્વરની અનામત સમજું છું અને બન્ને હું તેને ચરણે ધરું છું. ઈશ્વરે મારા જેવા અપૂર્ણ મનુષ્યને આવા મહાપ્રયોગ માટે કેમ પસંદ કર્યો હશે ? અહંકારથી નથી કહેતો પણ મને ચોખ્ખું ભાસે છે એટલે કહું છું કે પરમાત્માને હિંદુસ્તાનના કરોડો મૂંગાં, અજ્ઞાન, ગરીબોને માટે કામ લેવું હતું એટલે તેણે મારા જેવા અપૂર્ણને પસંદ કર્યો. મારા કરતાં વધારે પૂર્ણ પુરુષને જોઈને એ બાપડાં કદાચ મૂંઝાઈ જાત. પોતાની જેમ ભૂલો કરનારા મને જોઈને તેમને પણ વિશ્વાસ બેઠો કે પોતે પણ પોતાની ભૂલો સુધારી શકે ને આગળ વધી શકે. પૂર્ણ પુરુષને કદાચ તેઓ પિછાની પણ ન શકત અને તેને ગુફામાં ચાલ્યા જવું પડત. મારા પછી જે આવશે તે પૂર્ણ હશે અને તેનો સંદેશો ઝીલવાને માટે પણ તમે એટલા સમયમાં લાયક થઈ ગયા હશો.

આ દેશની અને આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી એક પણ પ્રાણી અન્નવસ્ત્રના અભાવથી પીડાય નહીં, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે. અને જો આવી સ્થિતિ આખા જગતને વિશે આપણે ઈચ્છતા હોઈએ તો અન્નવસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક મનુષ્યની પોતાની પાસે રહેવાં જોઈએ. તેમાંથી એકને ભોગે બીજાએ ધનસંપત્તિનો લોભ મુદ્દલ રાખવો જ ન જોઈએ. જેમ હવા અને પાણી ઉપર સૌનો સરખો હક છે અથવા હોવો જોઈએ તેમ જ અન્નવસ્ત્રનું હોવું જોઈએ. તેનો ઈજારો કોઈ એક દેશ, પ્રજા અથવા પેઢી પાસે હોય એ ન્યાય નહીં પણ અન્યાય છે. આ મહાન સિદ્ધાંતનો અમલમાં અને ઘણી વેળા વિચારમાંયે સ્વીકાર નથી તેથી જ આ દેશમાં અને જગતમાંના બીજા ભાગમાં પણ ભૂખનું દુઃખ વર્ત્યા કરે છે. (નવજીવન, ૨૮-૧૦-'૨૮)

મશીનો દ્વારા એન્જિનો, મોટરો, વિમાનો, બીજી એવી અનેક ચીજો છે જે બનાવી શકાય. પણ મશીન દ્વારા લોટ પિસાય, મશીન દ્વારા કપડું તૈયાર થાય, મશીન દ્વારા જમીન ખેડાય, એ બધામાં મારો સખત વિરોધ છે. ('બિહાર પછી દિલ્હી' માંથી)

મેં કહ્યું છે એ દ્વારા જ દેશમાં આર્થિક સ્થિતિનું ધોરણ એકસરખું બનશે. આજે તમને કદાચ નહીં સમજાય, પણ તમે નોંધી રાખજો અને હું મરી ગયો હોઉં તો યાદ કરજો કે, ૭૫ વર્ષના આ બુઢ્ઢાની વાત સાચી હતી. હું કોઈ જાદુઈ કલ્પનાથી નથી કહેતો. અનેક અનુભવોને આધારે કહું છું. ('બિહાર પછી દિલ્હી' માંથી)

જ્યાં સુધી આપણામાં દેશદાઝ, વફાદારી અને નીતિ નહીં આવે ત્યાં સુધી આપણે આગળ નથી આવવાના. હજુ સંપૂર્ણ સ્વરાજ્ય આવ્યું નથી, ત્યાં જ મારી પાસે એવી ફરિયાદો આવે છે કે, હિંદુસ્તાનના શ્રેષ્ઠ ગણાતા આગેવાનો પોતાના પુત્રો મારફતે પૈસા રળી ખાય છે; લાગવગ વધી છે; લાંચરુશવત પણ એટલી જ વધી છે; માટે તમે કંઈક કહો. વાત જો સાચી હોય તો આપણે કમનસીબીની પરાકાષ્ઠાએ પહોંચ્યા છીએ એમ મારે કહેવું જોઈએ. અને હું તો હવે ખર્યું પાન છું. મારી બીક શાની રાખવાની હોય ? એમ ક્યાં સુધી તંત્ર ચાલશે ? સાચી વાત તો એ છે કે, આપણે આપણું જીવનધોરણ એટલું ઊંચું કરી મૂક્યું છે કે તેને લીધે અનીતિનો માર્ગ લેવો પડે છે.

('બિહાર પછી દિલ્હી' માંથી) - **મો.ક. ગાંધી.**

ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળે ગાંધીજી આપણી વચ્ચે આવ્યા. સત્યના પ્રયોગો કરતાં કરતાં અને આઝાદીના જંગની વચ્ચે તેમણે ભવિષ્યના ભારતનો નકશો મનમાં કંડારેલો. જે વેળા ભૌતિકવાદી સભ્યતાની બોલબાલા હતી અને તેની સામે ઉચ્ચારાયેલો શબ્દ જુનવાણી ગણાતો તે જ વેળા તેમણે આધુનિક સભ્યતા માનવજાતને માટે શાપરૂપ છે એમ કહીને તેની ઝાટકણી કાઢેલી. 'હિંદસ્વરાજ'માં ગંભીર ચેતવણી ઉચ્ચારતાં એમણે કહ્યું હતું કે હિંદુસ્તાન જો એ સભ્યતાની નકલ કરવા જશે તો પાયમાલ થઈ જશે.

૧૯૯૪ના આ વર્ષમાં, આપણી નજર સામે પાયમાલીના ઓછાયા પડતા દેખાય છે. આધુનિક કહેવાતી સભ્યતાએ જીવન અને જગતને ઘમરોળી મૂક્યાં છે. પ્રદૂષણો ચારેકોર ઊમટી રહ્યાં છે અને જીવતાંજીવત નર્કની યાતના અનુભવાય છે. આવી અંધાધૂંધ પરિસ્થિતિમાં ગાંધીનો સાદ વસંતની તાજગીનો અનુભવ કરાવે તેવો છે એવું જગતના ઘણા ચિંતકો કહેતા થયા છે. સર્વનાશની સામે સર્વોદય એ ગાંધીનો વિકલ્પ છે. **સૌ. નવજીવન મુદ્રણાલય**

આજે

**એમની સવાસોમી જન્મજયંતીએ**
**એમની વાણીનું સ્મરણ કરીએ.**

'હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું ?'
'હું મર્યા પછીયે મારી શ્રદ્ધાની ઘોષણા કરતો રહીશ
અને કબરમાંથીયે મારી વાત સંભળાવતો રહીશ'.

**- મો. ક. ગાંધી.**

# આ અંકમાં


| | | |
|---|---|---|
| રાજવાણી - વિવેક અને સાધના | કિ.ઘ. મશરૂવાલા | ૧ |
| ગાંધીનો સાદ | નવજીવન-મુદ્રણાલય | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ-ભા.૭મો. | તંત્રી | ૩-૪ |
| અમારા પરમ ઉપકારી માટલિયાજી | મનુભાઈ પંચોલી દર્શક | ૫ |
| ખેતીમાં ખરેખર સમૃધ્ધિ છે | મનુભાઈ પંચોલી દર્શક | ૬ |
| વૈજ્ઞાનિક ચોકસાઈ અને વૈજ્ઞાનિક વહીવટ | | ૬ |
| સદ્‌ગુરુ સાધક માટે અદ્વિતીય હોય છે. | મોરારીબાપુ | ૭ |
| સ્વતંત્રતા સ્વભાવ હૈ | ઓશો રજનીશજી | ૭ |
| સતજુગી માણસની કથા. | ડૉ.એચ.એમ. ત્રિવેદી | ૮-૯ |
| શ્રધ્ધા નો હો વિષય તો... | પ્રણવ પંડ્યા | ૯ |
| હું માનવી માનવ થાય તોય ઘણું-સત્યમેવ જયતે | | ૧૦ |
| પત્ર પ્રસાદી - કવિતા -શ્રધ્ધા જીવવી પડે અને દીવડો | | ૧૧ |
| કલિંગરની કહાણી | ટીના સંપ્રતિ ગડા | ૧૨ |


**ખુદાને પામવાનું નામ શ્રદ્ધા, દુવાઓ માગવાનું નામ શ્રદ્ધા**
**સબંધો તૂટે એનું નામ શંકા, સબંધો બાંધવાનું નામ શ્રદ્ધા**
**તમે આવો નહીં ને તે છતાંયે, તમારા આવવાનું નામ શ્રદ્ધા**
**પ્રયત્નોની બધી નિષ્ફળતા સામે, ઉમીદો રાખવાનું નામ શ્રદ્ધા.**
**- કવિ દિલીપ પરીખ, સૌ. પ્રણવ પંડ્યા.**

# ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૭મો

૫.૧.૯૬ના પનવેલમાં બધા મિત્રો, પરિવાર ભેગા થયેલા. સહુએ પોતાના વિચારો જણાવેલા, અમે પણ વ્યકતવ્ય આપેલ જેના સાર નીચે મુજબ હતો.

મૌન ડાયરી તા.૫.૧.૯૬ પા.૧૮

''૧૯૮૪માં જ્યારે એક વરસનું મૌન લીધેલ ત્યારથી આજસુધી વિશ્વશાંતિ કેમ થાય ? આ એક જ વિચાર અને ચિંતન ચાલેલ. મારા અંગત પ્રશ્નો અધ્યાત્મના કોઈ હતા જ નહિ. જે હતા તે ગુરૂ કૃપાએ સહજમાં પુરા થયેલ. આ વિશ્વશાંતિ અર્થે જે માર્ગ જ્યારે મનમાં સ્ફૂર્યો તે માર્ગે ચાલ્યો. ક્યારેક સફાઈ આવી, ક્યારેક ગાય વિ. અમુક સમય સફાઈ વખતે મૌન રાખીને સફાઈ કરતો હતો.

પ્રથમ સફાઈ જ્યારે શરૂ કરી ત્યારે જ્યાં એઠવાડનો ઢગલો હતો ત્યાંથી પ્રચંડ સુગંધ આવી. આવી સુગંધનો ફરી ક્યારેય અનુભવ નથી થયો. અંતઃ પ્રેરણા મુજબ ચાલતો રહ્યો ઈશ્વરે મને હંમેશા એક જ ડગલાનો માર્ગ બતાવેલ કે આજે તારે આ પગલું ભરવાનું છે. બીજું પગલું પછી નક્કી થશે. એમ એક એક ડગલું ભર્યુ અને ચાલ્યો. અંતઃ પ્રેરણા થઈ તેમ તેમ એમાં ફેરફાર થતો ગયો. સફાઈ થઈ, સ્વાધ્યાય ભક્તિ, પ્રવચનો થયા. ગોવંશ હત્યાબંધી આંદોલનમાં રસ લીધો. મેં જ્યારે સફાઈ શરુ કરી ત્યારે હું એકલો હતો પણ મદ્રાસમાં એક પ્રચંડ સફાઈની ઝુંબેશ ત્યારે થયેલ. વિચારના બળે પણ કામ થાય છે એવી અનુભૂતિ ત્યારે થયેલ, ગાય માટે કામ શરૂ કર્યુ ત્યારે પણ અમુક રાજ્યોમાં ગોવંશ હત્યાબંધી થઈ. આમાં મારું યોગદાન કંઈ નથી પણ વિચારનો પડઘો તો આ હતો. ધીરે ધીરે બધું છુટતું ગયું અને હવે એમ થયું કે મૌન થઈને બેસી જવું કશું જ નથી કરવું. જાતને ઈશ્વરને સમર્પણ કરી દેવી અને પતાની જેમ જ્યાં ઉડાડે ત્યાં ઉડવું અને મૌન થઈ જવું. મારી શક્તિ સીમિત છે અને અસીમિત છે બંનેનો અનુભવ છે. આભ ફાટ્યું છે ત્યાં થીંગડું ક્યાં દેવું ? મારી શક્તિ મર્યાદિત છે અને કામ વિશાળ છે. વિજ્ઞાન જેમ એક પ્રચંડ ટોચ ઉપર ઊભું છે તેમ અધ્યાત્મ પણ એના કરતા પણ વિશેષ ટોચ ઉપર આવશે. આઘાત પ્રત્યાઘાત એ નિયમ છે. વિજ્ઞાન સામે અધ્યાત્મનો એ પ્રત્યાઘાત હશે અને બંનેના સમન્વયથી જે સધાશે તે અદભૂત હશે. પ્રચંડ અંધકારમાં હું પ્રકાશ જોઈ રહ્યો છું. સત્યને પ્રસારવા માટે વિજ્ઞાન આજે સમર્થ છે અને વિજ્ઞાન આજે એક ક્ષણમાં સત્યને પહોંચાડી શકે એટલું સમર્થ થયું છે. તો હવે જાતને ઈશ્વરને સમર્પિત કરી દેવી. એ વિષે કોઈ સંકલ્પ નથી, કોઈ વિકલ્પ નથી. એમ થાય તો ભલે ન થાય તો ભલે. મારો કોઈ ગુરુ નથી. હું સ્વયં મારો ગુરુ છું. હા, વ્યવહારની દ્રષ્ટિએ હું શ્રીમદ્‌નો શિષ્ય છું અને એનું મને ગૌરવ છે. એમનો ઉપકાર છે અને હંમેશા રહેશે પણ આજે તો અંતરમન દોરે તેમ દોરાઉં છું. અને એક એક ડગલું ચાલુ છું - આવું કંઈક બોલેલો.''

મૌન શરૂ થાય એટલે ધીમે ધીમે અંતરધારા શરૂ થયું. એ પ્રવાહ અદભૂત હોય છે. ૧૪.૧.૯૬ ડાયરી-પા.૨૧.

''અહિ જે બેઠા છીએ તેમાં પુરુષાર્થ આપણો અને બાકી ઈશ્વર જેમ રાખે જેમ ચલાવે તેમ ચાલવું એ પુરુષાર્થમાં પણ કર્તાભાવ છે. એથી આ જીવનશૈલી છે અને એ જીવવી એમ કહી એ તો એ વધારે સાચું ગણાશે. દિપકભાઈ પણ વાત તો આવી જ કરે છે પણ હજી એ વાતમાં દ્રઢ શ્રધ્ધા તેમની થઈ નથી, વર્તન એથી જુદું જ કરી રહ્યા છે. આ પ્રયોગમાં દાભોલકરજી સિવાય અન્ય કોઈને પણ મળવું એ સ્વરછંદતા છે એમ મને લાગી રહ્યું છે. એ સિવાયની બીજી જે કંઈ પણ જાણકારીની જરૂર હશે તે અહિં બેઠે ઈશ્વર મેળવી દેશે એવી દ્રઢ શ્રધ્ધા નહિ થાય ત્યાં સુધી ઈશ્વર આ પ્રયોગને યોગ્ય દિશા આપશે નહિ. મને એમ લાગે છે કે ઈશ્વર દરવાજે ઊભો રહીને અંદર આવવાની રાહ જોઈ રહ્યો છે પણ આપણે તો પ્રથમ અંદર હોવા જોઈએને ? એ કહે છે જેટલી દોડાદોડી કરવી હોય તેટલી કરી લે થાક ત્યારે મને કહેજે. અહિ હું દરવાજે રાહ જોઈને બેઠો છું. ઈશ્વર આપણને જ નહીં સર્વને આમ કહી રહ્યો છે. એ સ્વીકાર કરવો કે નહીં એ આપણા હાથની વાત છે.''

૨૪.૨.૯૬ના એક ઘટના ઘટી.

સવારે નદીએ શોચ જઈને પાછો આવી રહ્યો હતો. કૃપાળુદેવની કૃપા જે આ પામર પર વરસી રહી હતી તેનો એક પ્રચંડ ભાર લાગતો હતો. રૂમથી દસ પંદર ફૂટ દૂર જ રહ્યો હતો અને એક ડગલું પણ ચાલી ન શકાય એવી સ્થિતિ થઈ. ખેતરમાંજ લાંબો થઈ અને પોકે પોકે રૂદન શરૂ થયું એ સાંભળનાર હતા ઝાડ પાન અને પક્ષીઓ. કૃપાળુદેવની છબી પાસે જઈ વંદન કરવાનો પ્રચંડ ભાવ હતો પણ એટલા ડગ પણ ચાલી ન શકાયા. પંદર વીસ મીનીટ એ રૂદન રહ્યું. ઊભો થયો ત્યારે શરીર ફૂલ જેવું હળવું થઈ ગયેલ. રૂમમાં જઈ વંદન કર્યા ત્યાર પછી જે શરીરમાં એક પ્રવાહ શરૂ થયો છે એને શબ્દદેહ આપી શકાય તેમ નથી. અનુભૂતિને શબ્દમાં મૂકી શકાતી નથી એ અશક્ય છે.

અદભૂત પ્રવાહ અને સતત કલમ ત્યારે ચાલતી રહેલી.

૨૮.૨.૯૬ના રાતે એક અવાજ આવ્યો આ સ્થાન છોડી દે. ચંદ્રનું અજવાળું હતું. બેટરી હતી છતાં લીધી નહિ પૈસા તો ત્યારે પણ નહોતો રાખતો અને નીકળી ગયો રાતે જ. ફાર્મથી રોડ પર જતાં ૨૫/૩૦ મીનીટ થાય પણ રાતે જંગલમાં કેડી દેખાણી નહિ અને દોઢેક કલાકે રોડ પર પહોંચ્યો. ફાર્મથી સર્વોદય તીર્થ ઘાટકોપરનું અંતર લગભગ ૫૦ કિમી. થાય. ચાલતા ચાલતા સાંજે ચારેક વાગ્યે ઘાટકોપર સર્વોદય તીર્થ પહોંચ્યો. દરવાજે જ કાંતીભાઈ શાહ મળ્યા. તમે ?અત્યારે ?અહિ ? આશ્ચર્યચકિત થઈ ગયા. નાળિયેરનું પાણી પીવરાવ્યું અને પછી બસમાં ઘરે મલાડ મુકી ગયા. માતુશ્રી અંકાઈ હતા. બીજે દિવસે ઈલા તથા હું તેડવા ગયેલા આટલો બધો પ્રવાસ થયા છતાં પગમાં સોજો કે દુઃખાવો એવું કશું જ નહોતું. મકરંદભાઈને આ કિસ્સો કહેલ તો એ કહે આ સ્થિતિને 'ગેસ્ટાપો' કહે છે એમાં એ શક્તિ જ કામ કરે છે. કશો થાક કે એવું કશું લાગે નહિ એમજ સહજ જાણે ચાલી રહ્યું હોય છે. થોડા દિવસ બાદ ફરી પનવેલ ગયેલા. નાનું ફંક્શન રાખેલ. કૃપાળુદેવની છબી લઈ સામૈયું કાઢેલ અને દરેક આદિવાસીઓને ૧-ફાનસ,૧-માટલું અને નાસ્તો પાણી કરાવેલ.

તા.૨૮.૨.૯૬ ના રાતે ૧૨/૩૦ વાગે બેલાપુર પહોંચ્યો ત્યારે વિચાર આવેલ કે કુપન છે તો જેટલા કુપન હોય તેટલા પુરતું ટ્રેનમાં જઈશ. બેગમાં જોયું તો કુપન ન મળ્યા. પછી ૮.૩.૯૬ના ઘરે ડાયરીમાંથી ૪રૂા.ના કુપન નીકળી પડ્યા. અને મને હસવું આવી ગયું. ઈશ્વર મને પરીક્ષામાં પુરો પાસ કરાવવા માંગતો હતો અને ચાલીને જ પહોંચાડવા માંગતો હતો તેથી કુપન હોવા છતાં ત્યારે હાથમાં ન આવ્યા અને આજે હાથમાં આવતા ઈશ્વરની લીલાનો ફરી પરચો

બતાવ્યો. માર્ચથી જુન મલાડમાં જ રહેલ અને મૌન તો ચાલુ જ રહેલ. એ દરમ્યાન માટલિયાનો પત્ર આવ્યો કે મારી તબિયત સારી નથી એટલે હું આવી શકું તેમ નથી તમે આવી જાવ. એટલે ચાર દિવસ જામનગર રૂબરૂ જઈ આવ્યો. અમારે મૌન અને માટલિયાજી કાને સાંભળે નહિ છતાં અદભૂત સત્સંગ થયો. મેં તો એકાદ વાક્ય લખ્યું હોય પણ એ સતત સંત્સંગ કરતાં રહ્યા અમે જેટલું બને તેટલું ઝડપથી લખતા ગયા. અદભૂત એ સત્સંગની નોંધ બની. મુંબઈ આવ્યા પછી ફરી સારા અક્ષરે લખી માટલિયાજીને મોકલેલ અને નોંધ બરાબર છે એમ પછીથી એમણે પત્રદ્વારા જણાવેલ પણ હતું.

એક ઉછાળો ચાલુ થયેલ. પ્રવાહ ચાલતો હતો વિજ્ઞાનનો ઉપયોગ કરી ફોન ફેક્સ સ્ટાફ વિ. રાખીને પ્રચાર પ્રસારમાં પડવું એ માટે જે ખર્ચ થાય તે બેંગલોરવાળા કિશોરભાઈ જૈન પરિવારે આપવાની ખાત્રી આપેલ. પણ માટલિયાજીએ સલાહ આપી કે જ્ઞાન-દર્શન કરતાં ચારિત્ર મુખ્ય છે અને એમાં કચાશ છે તો ભલે કિશોરભાઈ સાથ આપે પણ હમણા એ ઉતાવળ ગણાશે. આમ તો હું જીદી ગણાઉ પણ માટલિયાજીની એ સલાહ માનીને એ કાર્ય ત્યારે મુલતવી રાખ્યું અને આજે લાગે છે એ જ સાચું હતું. માટલિયાજી એક પત્રમાં લખે છે.

''પનવેલમાં રહ્યા ત્યાં સુધી અસ્થિરતાના જોગ રહ્યા હતા. ભાવભક્તિ હતી અને શ્રમજીવી સાથે તાદાત્મ્ય સાધવાની ભાવના પણ હતી આમ છતાં'' આત્મ સ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની'' સધાઈ શકાઈ ન હતી અને આત્મસ્થિરતા વિના કષાયની ઉપશાંતતા મોક્ષની તાલાવેલીને ઘાલાવેલી અનુકંપાથી માનવને ગાય જેવા પ્રાણી સાથે આત્મતુલ્ય પ્રીતિ સભર અનુકંપા જે સેવા દ્વારા પ્રગટ થાય અને છતાં સત્ય સિવાયના બીજા બધા ભાવો પ્રત્યે આત્યંતિક ઉદાસીનતા અને આસ્થા આ પાંચ લક્ષણના પ્રાગટ્યમાં કચાસ દેખાણી, તમારા પત્ની ઉપર હાથ ઉપડી ગયો, તે શમની કે કષાયની ઉપશાંતતાની ક્ષતિ. બાળકો પર પત્ર લખ્યો તેમાં નિર્વેદ ક્યાંય નથી પણ અહંના ઉછાળામાં તેનેય ખેંચ્યા તેવું પ્રમાદશીલ મન થઈ ગયું. જે ઝડપથી ઘર ભેગા થવા દોટ મૂકી તેવી દોટ ભગવાન પ્રત્યે કે મોક્ષ પ્રત્યે આવે ત્યારે સંવેગનું રૂપ ધારણ કરે.''

ચાર મહિના મુંબઈ રહ્યાં તેમાં અમારી ગોવિજ્ઞાન ભારતીની ઓફિસ જોગેશ્વરી એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાં રહેતી પ્રાયઃ ત્યાં નિયમિત જવાનું શરૂ થયેલ મને રોજ બોર્ડ ઉપર સુવિચાર લખવાનો શોખ. એક શીબીરમાં ત્યાં ભાવનગરથી દવે સાહેબ આવેલા. તેમણે ''ઉઘડતા દ્વાર અંતરના'' વિષે ઉલ્લેખ કરેલો મગજમાં વાત નોંધાઈ ગઈ. આ પુસ્તક ખરીદ્યું અને સ્વાધ્યાય કર્યો અદભૂત છે આ વાણી સદગુરૂ શિષ્યને સંબોધન કરી રહ્યા છે એમ આ વાંચવાનું થાય છે અમારે માટે આ દીવાદાંડી સમાન પુસ્તક બની ચૂક્યું છે.

ફરી માટલિયાજીએ ચિંચણ મણીભાઈ સાથે પત્ર વ્યવહાર શરૂ કર્યો અને બાકીનું જુલાઈ ૯૬ થી ૫.૧.૯૭ મૌનમાં સમાધિ સ્થળે ચિંચણમાં બેસવાનું થયું આ વખતે સ્વયંપાકી હાથે રસોઈ કરીને રહેતા. રોજ સવારે પ્રાર્થનામાં આશ્રમમાં જવાનું, વળતી વખતે ગૌશાળાની સફાઈ વાસીદું કરીને પરત સમાધિ પર આવી જવાનું.

કુટીરની પાછળ જગ્યા હતી ત્યાં ગુવાર અને ભીંડા વાવેલા. સમાધિ અંદર મકાઈ-બાજરી વાવેલી. સમાધિ બહાર એકાદ એકરની જગ્યા છે તેમાં જુવાર-બાજરી-મકાઈ-વાવેલ. ગાયો, પશુ, પંખી અને અમે સહુએ મનભરીને વાપરેલ. આશ્રમમાં પણ ભીંડા ગુવાર જતા હતા.

સમાધિની અંદર પણ મેથી વડે ચારે ખુણે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ- બીજે ઠેકાણે ''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'' એમ વાવેલ. થોડા દિવસમાં જ્ઞાન-દર્શન સરસ ઉગી નીકળ્યા. પણ ચારિત્ર-તપ બરાબર નહોતા ઉગ્યા થયું નિસર્ગ પણ આપણને ઓળખે છે એટલે જ્ઞાન-દર્શન સ્પષ્ટ વાંચી શકાય તેમ ઉગ્યા હતા. ચારિત્ર-તપમાં કચાશ હતી જ તેથી ક્યાંથી બરાબર ઉગે ?

આ દરમ્યાન માટલિયાજી સાથે સતત પત્ર વ્યવહાર રહ્યો. હું મારી ડાયરીની ઝેરોક્ષ એમને મોકલતો અને એનો વિગતવાર એ વિષે જવાબ આપતા. અમારી એવી અભિન્નતા થઈ ગઈ હતી કે માટલિયાજીએ કંઈ સુચન પત્રમાં કર્યું હોય પણ અમે તો એનો અમલ સુચન પહેલા જ શરૂ કરી દીધો હોય.

મૌન દરમિયાન આશ્રમની શીબીરો અને પ્રસંગોપાત મુંબઈ જવાનું પણ થતું રહેલ. પણ મૌન તો હંમેશ મુજબ ચાલુ જ રહેલ.

એક પત્રમાં માટલિયાજી લખે છે, ''તમને દેહ ભિન્ન ચૈતન્યની પ્રતીતિ ગુરુકૃપાએ થઈ છે તે વાત હું સ્વીકારી લઉં છું.''

**<u>ડાયરી પાનું નં.૩૨/૩૩ તા.૨૯.૭.૯૬</u>**

''બાર વરસની સાધના પછી પહેલીવાર સમજપૂર્વક કોઈએ સ્વીકાર કર્યો તેનો સંતોષ છે. હર્ષે શોક નથી અને એ સ્વીકારથી કંઈ અનુભવ ન હોય તો થઈ જતો નથી અને આખી દુનિયા અસ્વીકાર કરે તો પણ અનુભવ થયો હોય તે અન્યથા થઈ જતો નથી. જો કે ૧૯૮૪-૮૫ ના પહેલા મૌનથી તે આજ સુધી આ વિષે અલ્પમાત્ર સંશય રહ્યો નથી. મારા બાહ્યવેશ અને વ્યવહારથી કોઈને એ ખ્યાલમાં ન આવે એ સમજાય તેવી વાત છે પણ મને પોતાને તો આ માટે અત્યંત નિશ્ચિંતતા જ હતી અને છે. ગુરૂકૃપાએ મોક્ષ માટે નિશ્ચિંતતા છે. હવે એ માટે પણ ઈચ્છા નથી રહી મુક્તિ મળી જ ગઈ છે. મુક્ત દશામાં જ જીવીએ છીએ. આજની સાધના અને પહેલાની સાધનામાં ફેર એટલો જ રહ્યો છે કે પહેલા યોગ (મન-વચન-કાયા) અસ્થિર હતા, ચંચળ હતા. હવે એ સ્થિરપણાને ધીરે ધીરે પામતા જાય છે. સાચો રસ્તો એ હતો કે પહેલા યોગને સ્થિર કર્યા પછી સત્કાર્ય અને સંસારના કાર્ય કરવા જરૂર હતી. પણ ઈશ્વર ભૂલ કરીને ઘડવા માંગતો હતો તેથી યાત્રા લાંબી બાર વરસ ચાલી. અનંતકાળનું પરિભ્રમણ ટળ્યું એની સામે તો આ કાળ બહુ અલ્પ ગણાય. આખી જીંદગી મથવા છતાં તત્વને પામતા નથી ત્યારે આતો બહુ ટુંકા ગાળામાં કાર્ય થયું ગણાય. આમાં પાત્રતાની સાથે ગુરૂકૃપાએ વિશેષ ભાગ ભજવ્યો છે. આ બધો સદ્‌ગુરૂનો જ ઉપકાર છે, એમની જ આ મહતા છે. આ પામર એટલી પાત્રતાને લાયક ન હોવા છતાં કરૂણાળુ પરમાત્માની કરૂણાનો જ આ પ્રતાપ છે. એમ નમ્ર ભાવે સ્વીકાર કરી કરૂણાળુ સદ્‌ગુરુદેવ શ્રીમદ રાજચંદ્રના ચરણોમાં પરમ ભાવે નમસ્કાર-વંદન કરું છું.''

કથા લાંબી થતી જાય છે. ટુંકી કરવાની સતત મથામણ પણ જે અમારા હૃદયમાં છે તે માટે થોડી સ્પષ્ટતા થતી જાય તેથી આ માટે ડાયરી અને માટલિયાજીના પત્રોમાંથી થોડું થોડું આપતું જવું જરૂરી છે. મુંબઈ આવન જાવન થતી રહેલી પણ મૌન તો ચાલુ જ રાખેલ.

પનવેલમાંથી રાતોરાત શા માટે ઊઠાવ્યો તથા અન્ય પ્રસંગો બન્યા તેનું આવતા અંકમાં. **ક્રમશઃ**

# અમારા પરમ ઉપકારી માટલિયાજી

મને એવું લાગ્યું છે કે શિક્ષણના હરેક તબક્કે જરૂરી છે કૌટુંબિક સ્નેહ, અને પ્રકૃતિનો સંપર્ક. આનું રસાયણ પુસ્તકને સમજવાની, તેનાં રહસ્યો ખોલવાની ચાવી આપે છે. ગામડાની નિશાળોમાં તો આ મુશ્કેલી જ નથી. તેના હરિયાળાં મેદાનો, તેની ફૂલવાડીઓ, તેની ટેકરીઓ અને તળાવો વાટ જોતાં પડ્યાં છે. એનું વિજ્ઞાન તથા કૌટુંબિક સ્નેહ જો શિક્ષક ન આપી શકે, ને ન સર્જી શકે તો તેણે લોખંડ બજારમાં જવું જ સારું.

પ્રસિદ્ધતત્ત્વવિદ્ આલ્ફ્રેડ નોર્થ વ્હાઈટહેડ હાવર્ડમાં પ્રાધ્યાપક હતા. તેમનું તત્ત્વજ્ઞાન સમજવું જેવાં તેવાનું ગજું નહિ, પણ તેય દર રવિવારે પોતાનાં પત્નીને કહી રાખતાં કે રવિવારની રજા આપણા માટે નથી. આવતી કાલે તું પચાસ-સાઠ પ્યાલા ચાની ગોઠવણ રાખજે. ઠોઠ વિદ્યાર્થી કદાચ ગણિત નહિ સમજે. સ્નેહનું ગણિત તે સમજશે.'

અમારા વિદ્યાર્થીઓનો મોટો ભાગ ગ્રામસમાજમાં કાંઈક સુધારાનો પવન લઈને ગયો. થોડો ખેતી સુધારો, થોડો ગોવંશ સુધારો, થોડો સમાજ સુધારો, થોડુંક ગાંધીનું નામ. ચૌદ વર્ષના ગણેશે તેના પિતાને દારૂ છોડવા સમજાવ્યું, કોઈક હરિજનના ભેરુ થયા, કોઈક ગામને રંજાડનારની સામે થયા.પણ આ બધામાં શિરટોચ નીવડયા ભાઈ દુલેરાય માટલિયા. અમારુ કામ તેમને અપૂરતું લાગ્યું, અને એમ હતું જ; એટલે ઉપડ્યા માલપરા. શેરડી સત્યાગ્રહના વખતથી માલપરા અને લીંબાભાઈ, લાલજીભાઈ સાથે ગાંઠ્ય બંધાયેલી. ત્યાંથી અરધો ડઝન વિદ્યાર્થીઓ પણ ભણી ગયેલાં; એટલે માટલિયાને ત્યાં આવકાર મળે તેવું હતું.

તેમણે ત્યાં જઈને ધૂણી ધખાવી, ધૂણી પણ ધૂમાડા વિનાની. શાળા-બાલમંદિર હાથમાં લીધાં. આવડયું તેવું ખાદીકામ કર્યું. રાત્રિપ્રાર્થનામાં આખા ગામની કેળવણી શરૂ કરી. આખા ગામને કેળવવાનો આવો પ્રયોગ કદાચ બબલભાઈ સિવાય કોઈએ નહિ કર્યો હોય. માટલિયા વિલક્ષણ વ્યક્તિ. સાતમે મહિને જન્મેલ એટલે વિલક્ષણ હોય તેમાં નવાઈ નહિ, પણ જૈનધર્મ અને અર્થશાસ્ત્ર બંનેની કલમ તેમણે કરેલી. અમારી જોડે રહી ગાંધીવિચારને સેવ્યો. ભક્તિ તેમના હાડમાં. કોઈ આધ્યાત્મિક વ્યક્તિ જુએ એટલે તેમને ગોળનું ગાડું મળ્યું. ભાવના રસાયણથી ઝપાટાબંધ સાકરને પામે. હું તેમને થોડો ઓછો ભાવ રાખવા કહું, પણ તે તો પોતાની ગત્યમાં ચાલે.

માલપરાને તેમણે સ્વચ્છતા, નિર્ભયતાના, પ્રભુશ્રદ્ધાના, સમાનતાના પાઠ શીખવ્યા. બહારવટિયા, તોફાનીકાઠીઓ, બધાની વચ્ચે જાય, તેમને પોતીકાં કરે. અવળા માર્ગ છોડાવે. માલપરામાં બહેનોને બધાં કામમાં બહાર કાઢી. ગામડાની સભામાં માલપરા જેટલી બહેનોની સંખ્યા ભાગ્યે જ મળે.

તેમની શાળા સમગ્ર ગામની સફાઈથી જ શરૂ થાય. વર્ષો સુધી માલપરા જેવી ચોખ્ખી શેરીઓ ભાગ્યે જ કોઈ ગામમાં જોઈ છે. ગ્રામસેવા કરી તેની સફળતાની સાબિતી એ છે કે ભૂદાન આંદોલન વખતે માલપરા અને બીજાં ઘણાં ગામોએ છઠ્ઠાભાગની જમીનો કાઢી આપી.

અને એજ ગામના ડઝનેક જેટલા જુવાનિયાઓને એ પ્રદેશની ગ્રામસેવાની દિક્ષા આપી. માટલિયા ત્યાં આજે નથી. માલપરા મૂક્યે વર્ષો થઈ ગયાં, પણ આજેય એ જુવાનો તે ગામોમાં કાંઈક ને કાંઈક કામ કરે છે.

અમારી જેમ માટલિયાની કોઈ લાગવગ નહતી કે પ્રખર બુદ્ધિશાળી હતા તેવું નહોતું. નાનાભાઈને અને મને તો સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઘણાનું પીઠબળ હતું. બાપુ અને સરદારસાહેબ જેવા અમને ઓળખતા તો હતા, પણ માટલિયાની પહોંચ ક્યાં સુધી? અમારા સુધી. છતાં તેમણે ગણ્યાં વર્ષોમાં ભારે કામ કર્યું. જિંદગીના લેખાં સમયથી નથી થતાં, પણ ફેલાયેલી ખુશબોથી થાય છે. આનો અર્થ એવો કોઈ ન લે કે માટલિયા કે તેમના જેવા બીજા વિદ્યાર્થીઓની ભૂલો નથી થઈ કે ગોથું નથી ખાધું, ભુલો થઈ છે. હરકોઈ નવા ક્ષેત્રમાં જાય ત્યારે થાય જ. સલામ એવાની હિમ્મત, દિલાવરી, લોકાભિમુખતા અને નમ્રતાને છે.

**- લે. મનુભાઈ પંચોળી, 'સદ્‌ભિ: સંગ:' માંથી સાભાર.**

**તંત્રી:** અમે માટલિયાજીને મળ્યા અને આખું ગોળનું ગાડુ અમને આપી દીધું. એવો પરમ સત્સંગ, સહયોગ, સમજણ પ્રત્યક્ષ અને પત્ર વ્યવહાર દ્વારા અમને સતત માર્ગદર્શન દ્વારા આયુષ્યના અંત સુધી દેતા રહેલા. ૧ વરસનું મૌન ૫.૧.૯૭ના પુરુ થતું હતું પણ માટલિયાજીએ તા.૨૭.૨.૯૬ના કાયમી વિદાય લીધી. એક હૃદય ખોલવાનું સ્થાન મળેલ તે પણ ગયું. મૌન વખતે લખાતી ડાયરીની ઝેરોક્ષ એમને મોકલતો રહેલો એનો પ્રત્યુત્તર પત્ર દ્વારા મળતો રહેલો. આ એક અદ્‌ભૂત દસ્તાવેજ જેવું છે તે ભવિષ્યમાં ક્યારેક ઈશ્વરેચ્છા હશે તો પ્રગટ થશે.

**<u>એ પત્રોમાંથી કેટલુંક:</u>**

૧) તા.૧૩.૪.૯૬, સંસાર નથી સીમાં, નથી પ્રવૃત્તિમાં, તે તો રહેલો છે પોતાની જ અંતરવૃત્તિમાં એ જો નિર્મળ ને શુધ્ધ થાય તો સંસારેય અમુક અંશે શુધ્ધ થતો રહેવાનો અને અંતે સમ્યકદર્શન જ્ઞાનનો મોક્ષ માર્ગ મળી જ રહેશે.

૨) બેંગલોરથી કિશોરભાઈ આવવાનો છે ત્યારે સહચિંતન કરવાના હેતુથી આ પત્ર લખુ છું. આમાં ક્યાંય શીખામણ નથી. શીખ દેવાની પાત્રતા મારે હજુ કેળવવી બાકી છે. મે કંઈ વિષય કે રાગદ્વેષને જીત્યા નથી અને દેહ ભિન્ન કેવળ ચૈતન્યના જ્ઞાનની સહજ ઝાંખી થઈ છે પણ અનુભૂતિ થઈ નથી અને અનુભૂતિ જ સમક્તિનો (આત્મ સાક્ષાત્કારનો) પ્રાણ છે. એથી હું મને ચોથા ગુણસ્થાનકનો અધિકારી માનતો નથી. તમને અનુભૂતિ થઈ છે એટલે તમારી પાસે તો મિત્ર ભાવે વાત કરવાની રહી.

૩) તા.૧૭.૫.૯૬ ભક્ત તો હૃદયથી અંતરથી સમર્પિત થઈ પ્રાર્થે છે કે, ''હે ભગવાન, તારું ધાર્યું થાઓ મારું નહીં. હે પ્રભુ, તારી ઈચ્છા એજ મારી ઈચ્છા બની રહો. હે હરિ જો તારા અનુગ્રહને પાત્ર હોઉં તો મને તારું હથિયાર બનાવ. જે હરિનું હથિયાર બને છે તે હરિમય બની જાય છે.'' અમારી જાત હરિ છે દેશ હરિ છે વાળા વચનનું આ રહસ્ય છે.

૪) તા.૧૮.૫.૯૬ સ્વભાવથી તમે પણ કર્મયોગી જેવા છો અને રૂચિ જ્ઞાનયોગ તરફ છે એટલે સ્વરૂપ શુધ્ધિ અને આત્મસમાધિ સુલભ થયે અનાસક્ત કર્મયોગ પણ સહજ બનતો જશે. પણ એ બધું જ આપણે ભગવાન પર છોડવાનું છે. એને જેવો ઘાટ ઘડવો હોય તેવો ઘડે આપણે તો તેનું રમકડું બની શકીએ એવો મુલાયમ માટીના બનીએ તે ય ઘણું. - **દુલેરાય માટલિયાના પત્રોમાંથી.**

# ખેતીમાં ખરેખર સમૃધ્ધિ છે.

વર્ગની ચાર દીવાલો વચ્ચે અપાતું શબ્દશિક્ષણ લાકડાના રાજા જેવું છે, તે આકારમાં હાથી જેવું દેખાય છે, પણ તેના પર સવારી થઈ શકતી નથી.

આ વિદ્યાવિસ્તાર વિભાગમાં એક નવી યોજના કરી. દત્તક ખેડૂત યોજના. ગામડાંમાં અવારનવાર જવાથી પૂરતું કામ થતું નથી. થોડું જરૂર થાય છે. કોઈક એવી યોજના કરવી જોઈએ કે સ્થિર પ્રગતિ થયા કરે. યોજનાની રૂપરેખા એવી કરી કે જે ગામ આમાં જોડાવા ઈચ્છતું હોય તેના નાના ખેડૂતોને પસંદ કરી, તેની જમીનનો પ્રકાર, પાણીની શક્યતા તપાસી ઋતુવાર તેની ખેતીનું આયોજન કરી આપવું. તે આયોજન મુજબ તેને બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે પૂરાં પાડવાં. દર અઠવાડિયે તેના પાકની હાલત તપાસી, ઘટતી સલાહ આપવી. આ માટે જોઈતી નાણાંકીય મદદ આપવી. આ નાણાંનું વ્યાજ ન લેવું. પાક આવે તેનું વેચાણ સંસ્થાને વચ્ચે રાખીને કરે. અને સંસ્થા તેમાંથી તેમને આપેલી રકમ વાળી લે. વળી નવા પાક વખતે આપે. આમ ચાર વર્ષ સુધી કરવું. ચોથે વર્ષે ખેડૂતને તેના પગ પર ચાલવા દેવો. અને બીજા ખેડૂતોને પસંદ કરવા. ચાલીસ અથવા પચાસ ખેડૂતે એક સ્નાતક રોકવો. અમે પહેલાં સરવેડી ગામ પસંદ કર્યું. દલુભાઈ ત્યાંના આગેવન, જૂના પરિચિત. સહકારી મંડળીના દેણદાર ખેડૂતોને પસંદ કરવામાં મુશ્કેલી એ હતી કે તેના પાક પર પહેલો હક્ક મંડળીનો હતો. માનો કે ખેતી સુધરે, કમાણી થાય, પણ યોજનાએ આપેલ પૈસા વાળવાનું શું ? દલુભાઈ ભારે વ્યવહારું, ચતુર માણસ. ગામડાંમાં ક્યાંક ક્યાંક આવા ચતુરો છે, જેને જોઈને આશ્ચર્ય થાય. દલુભાઈ એવા ચતુરોમાં એક. તે સમજ્યા કે જો આવક વધી તો વહેલે મોડે પૈસા ભરશે. મંડળી તો નવા પૈસા કે માર્ગદર્શન આપી શકે તેમ હતું જ નહિ, તેની મર્યાદા આવી ગઈ હતી. યોજના પૈસા આપે, માર્ગદર્શન આપે તો પેલા દેણદાર ખેડૂત કમાતો થાય, અને કમાતો થાય તો કાંઈક ભરતો થાય. ભલે પહેલો હક્ક યોજનાનો રહે તેમ ગોઠવ્યું. અમે પણ તેની વધારાની આવકમાંથી દેણું પણ ભરાતું જાય તેમ ગોઠવ્યું. પૈસા રોકડા તો આપવાના હતા જ નહિ. બધી જરૂરિયાતો વસ્તુના રૂપમાં જ આપવાની હતી. ચાર વર્ષને અંતે બધા ખેડૂતો દેવામુક્ત થયા. એક સિવાય બધાએ પોતાની રકમો યોજનાને પાછી આપી દીધી હતી ખેડૂતોની આવક ચાર વર્ષમાં ૬૦ થી ૭૫ ટકા વધી હતી. પછી શું કામ દેવું ભરી વ્યાજમુક્ત ન થાય ?

શ્રી સુરજિતસિંગ બર્નાલા તે વખતે કૃષિ મંત્રી. કોઈક પ્રસંગે તેમને અમે નિમંત્ર્યા. મોરારજીભાઈએ તેમને 'લોકભારતી' જોવા જવા ઉત્તેજન આપ્યું. તેમને યોજના અને પ્રગતિની વાત કરી ત્યારે પહેલાં તો માને જ નહિ. 'આટલો વિકાસદર ક્યાંયે છે નહિ, મિ. પંચોળી, તમારી કાંઈક ભૂલ થતી હશે.' મેં તેમને કહ્યું, 'આપ જાતે જ બધા આંકડા જોઈ શકશો.' ઝીણવટથી તેમણે ખાસ્સો અર્ધો કલાક યોજનાની પ્રગતિના આંકડા તપાસવામાં ગાળ્યો. હસીને કહે, 'તમે ભારે કામ કર્યું છે, વિદ્યાર્થીઓને સંબોધન કરતાં કહે, 'હું દેશ-પરદેશની ઘણી યુનિવર્સિટીઓમાં ફર્યો છું, પણ તમારા જેટલી સાદાઈ અને ખંત કોઈ જગ્યાએ જોયાં નથી.'

**- લે. મનુભાઈ પંચોલી, દર્શક સદ્‌ભિ: સંગ માંથી સાભાર.**

# વૈજ્ઞાનિકની ચોકસાઈ

પાશ્ચર ઈન્સ્ટીટ્યુટ સંસ્થાના વડા તરીકે એક પ્રખ્યાત વિદ્વાન પિયર્ર રૂ થઈ ગયા. ૧૮૫૩માં જન્મેલા અને ૧૯૩૩માં અવસાન પામેલા પિયર્ર રૂ યુવાન કોલેજીયન હતા ત્યારનો એક પ્રસંગ જાણવા જેવો છે, વૈજ્ઞાનિક ચોકસાઈ એટલે શું તે પ્રસંગથી સમજાશે.

પિયર્ર રૂ કોલેજમાં હતા ત્યારે એમના ગુરુ પ્રોફેસર ડયુકલોએ તેમને અમુક ક્ષાર આપીને કહ્યું કે આનું પૃથક્કરણ કરીને કહો કે, આ શું છે ?

પિયર્ર રૂએ જરૂરી પરીક્ષણ કરીને કહ્યું, ''સર, મને લાગે છે કે આ તાંબાના સલ્ફેટ છે. ''

''ફરીવાર પરીક્ષણ કરો દોસ્ત !'' ડયુકલોએ સૂચવ્યું.

બીજી વખતના પરીક્ષણ વખતના પરીક્ષણ પછી રૂએ કહ્યું, ''સર, મારું માનવું છે કે, આ તાંબાનો સલ્ફેટ છે.''

''હજી ફરીથી પરીક્ષણ કરો.'' ડયુકલોની આજ્ઞા થઈ.

ત્રીજી વાર પણ પરિણામ એક જ સાંપડતાં રૂ કહે, ''સર, આ તાંબાનો સલ્ફેટ જ છે.''

''શાબાશ ! એ તાંબાનો સલ્ફેટ જ છે, પણ વિજ્ઞાનમાં ચોક્કસ જવાબ જ જોઈએ. 'મને લાગે છે...'અથવા 'મારું માનવું છે કે...' એવા અચોક્કસ જવાબને વિજ્ઞાનમાં સ્થાન નથી.''

# વૈજ્ઞાનિકનો વહીવટ

ભારતમાં જે થોડાક વિજ્ઞાનીઓ પાક્યા છે એમાં મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરૈયાનું નામ અગત્યનું છે. તેઓ ઈજનેરી વિજ્ઞાનના ઘણા મોટા જાણકાર હતા. એમણે બંધો વગેરેના બાંધકામમાં જ અનેક પ્રયોગો કર્યા તે જોઈને પશ્ચિમની દુનિયાના વિજ્ઞાનીઓ પણ મોંમાં આંગળાં નાખી ગયા હતા.

મ્હેસૂરનું દીવાનપણું એ કરતા હતા ત્યારનો એક પ્રસંગ છે.

તેઓ રાજ્યના વહીવટી પ્રવાસે નીકળ્યા હતા. એક પછી એક ગામે રાતવાસો કરતા તેઓ આગળ વધી રહ્યા હતા. દરેક સ્થળે વહીવટી પ્રશ્નોનો નિકાલ કરતા રહેતા.

આવા એક ગામે કશાક અકસ્માતે એમની આંગળીને ઈજા થઈ. ગામના ડોક્ટરને ખબર પડી. એ તરત જ દોડતો આવ્યો. એમણે વિશ્વેશ્વરૈયાની આંગળીની મલમપટ્ટી કરી, દવા આપી રજા લીધી.

બીજે દિવસે વિશ્વેશ્વરૈયાએ પોતાની અંગત ચેકબુકમાંથી પચીસ રૂપિયાનો ચેક પેલા ડોક્ટરને મોકલી આપ્યો. ડોક્ટર તો તરત જ દોડતો દોડતો દીવાન સાહેબને ઉતારે આવ્યો. તે ચેક પરત કરતાં બોલ્યો : 'દીવાન સાહેબ, મને તો આપની સેવા કરવાની તક મળી એ જ મોટી વાત છે. આપ આ ચેક પાછો લઈ લો.'

ત્યારે લોકવત્સલ વિશ્વેશ્વરૈયાએ આપેલો જવાબ, લોકશાહીના દરેક પ્રધાને અને ડોક્ટરે હૈયે કોતરી રાખવા જેવો છે. એમણે કહ્યું: ''જુઓ, એક ડોક્ટર તરીકે દરેક દર્દીની સેવા કરવી એ જ તમારી સાચી ફી, એટલે કે દક્ષિણા છે, પરંતુ તમારેય જીવવાનું છે ને ! માટે, અમારા જેવાની દક્ષિણા તમારે જરૂર લેવી અને એટલું ધ્યાન રાખવું કે, જેઓ દક્ષિણા આપી શકે તેમ ન હોય એમની દક્ષિણા જતી કરવી. સાચા ડોક્ટરની આ જ ફરજ છે.'' - **'વિશ્વ વૈજ્ઞાનિક માનવતા'માંથી.**

## સદ્‌ગુરુ સાધક માટે અદ્વિતીય હોય છે, અજોડ હોય છે

આ વિશ્વમાં ગુરુ જેવું પરસ્પર વિરોધાભાસી વ્યક્તિત્વ કોઈ પેદા થયું નથી, છે નહીં અને થશે પણ નહીં, એક જ વ્યક્તિત્વ તદ્દન વિરોધી હોય છે અને એ ગુરુ હોય છે. એટલા માટે ગુરુ અજોડ છે, નિરુપમ છે. એક જ વ્યક્તિમાં જમીન-આસમાનનું અંતર તમે જોઈ શકશો. એ રહસ્ય ગોસ્વામીજી ગુરુને નરરૂપ હરિ કહીને ખોલે છે. તમને ગુરુમાં પૂરી નિષ્ઠા હશે તો તમે એક બાજુથી જોશો તો તમને લાગશે કે એ મનુષ્ય છે. એ આપણા જેવા છે. કપડાં પહેરે છે, ખાય છે, પીએ છે, સૂએ છે. અને બીજા એંગલથી જોશો તો લાગશે કે નહીં, એ મનુષ્ય નથી, એ પરમાત્મા છે. એક જ વ્યક્તિત્વમાં કેટલો બધો વિરોધાભાસ તમને જોવા મળશે! આ કેવળ ભારતીય અધ્યાત્મજગતમાં જ સંભવ છે. ક્યારેક-ક્યારેક તમને લાગશે કે એ નર છે. તો ક્યારેક-ક્યારેક લાગશે કે ના, ના, એ નરરૂપ હરિ છે. એ સાક્ષાત્ પ્રભુ છે. એટલા માટે ગોસ્વામીજી સિદ્ધ કરવા માગે છે કે ગુરુ અદ્વિતીય છે. એમના જેવું બીજું કોઈ નથી.

ગુરુ સાધક માટે અજોડ છે. અને તુલસીદાસજીનો અભિપ્રાય તો એવો છે કે જો કોઈને ગુરુની પહેલાં ઈશ્વર મળી જાય તો પણ એ ઈશ્વરને સારી રીતે પામી શકતા નથી. સદ્‌ગુરુનો આશ્રય બહુ જ આવશ્યક છે. ભગવાન તો મળી જાય છે. 'રામાયણ'માં ઘણો લોકોને ભગવાન મળ્યા પરંતુ મળ્યા બાદ પ્રભુ ઉપર સંશય થઈ ગયો. ઘણા લોકોને ભગવાનનાં દર્શન થયાં અને પછી તેઓ અહંકારી થઈ ગયા. સીધા ભગવાન મળવાથી શું ફાયદો? કદાચ એટલા માટે જ આપણે ત્યાં ભક્તોએ ગાયું છે કે-

ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગું પાય,
બલિહારી ગુરુ આપને ગોવિંદ દિયો બતાય.

ગોવિંદને પૂર્ણરૂપે કોણ બતાવી શકે છે? ગુરુ જ બતાવી શકે છે. એમ જ ભગવાન મળી જાય તો સીધી ક્યાં ખબર પડે છે?

હું વિદેશી મહાપુરુષોને વાંચી રહ્યો હતો, એમાં સોક્રેટિસે એક વચન કહ્યું છે, પરંતુ એ અધૂરું છે. પૂરેપૂરું કોઈ સૂત્ર શીખવું હોય તો હિન્દુસ્તાનમાં જ આવવું પડે છે. સોક્રેટિસે કહ્યું કે ગુરુ એક દાયણ છે, બાળકને જન્મ આપનારી નર્સ છે. એટલે કે એ કહેવા માગતા હતા કે ગુરુ જન્મ આપી દે છે. દ્વિજ બનાવી દે છે. પરંતુ એ પૂરું નથી. નવો જન્મ ક્યારે થાય છે? જ્યારે આપણે મરી જઈએ છીએ ત્યારે. તો આ દેશની સંસ્કૃતિ કહેશે કે ગુરુ કેવળ દાયણ નથી. એ પહેલાં મારે છે, પછી પેદા કરે છે. પહેલાં અહંકારને, સંદેહને, સંશયને, ભ્રમને પૂરેપૂરાં ખતમ કરી નાખે છે અને પછી નવો જન્મ આપે છે. તેઓ પુનર્જીવિત કરે છે. ગુરુ પહેલાં મારે છે. અને મારવા પડે છે. એ આવશ્યક છે. પહેલાં તો એની હસ્તી મિટાવી દેવામાં આવે છે અને પછી એ ભૂમિકાઓથી કોઈ દિવ્ય પુષ્પ ખીલી જાય છે. ગુરુજનોનું આ કાર્ય છે.

સદ્‌ગુરુ સાધક માટે અદ્વિતીય હોય છે, અજોડ હોય છે. અને સાધકનો ભાવ અનન્ય હોય તો શું નથી થઈ શકતું? સંત નામદેવના જમાનાની પ્રસિદ્ધ કથા છે. એક વૃદ્ધ માતાજીએ સંકલ્પ કર્યો કે મારે અગિયારસો બ્રાહ્મણોને ભોજન કરાવવું છે. એ વાત નામદેવ સાંભળી. નામદેવ ગુરુ હતા. સદ્‌ગુરુની ભૂમિકાએ પહોંચી ગયા હતા એ મહાપુરુષ. નામદેવ પોતાની સાથે એક બાળકને લઈને એ વૃદ્ધ માતાજીને ઘેર આવે છે અને ભિક્ષા માગે છે. માતાજીએ ભોજન બનાવ્યું. એમના મનમાં તો અગિયારસો બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ હતો. નામદેવજીને ભોજન પીરસી દીધું. નામદેવજીએ બ્રહ્માર્પણ કરીને ભોજન કર્યું. એક પતરાળામાં ભોજન કર્યું હતું. જ્યારે ભોજન પૂરું થયું ત્યારે બુદ્ધિ કામ ન કરે એવી એક ઘટના બની! આ દંતકથા નથી, સંતકથા છે. પોતાની સાથે જે બાળક હતો એને કહ્યું કે બેટા, ભોજન થઈ ગયું છે, પતરાળું ઉઠાવી લો. બાળક જ્યારે એ પતરાળું ઉઠાવે છે તો બીજું પતરાળું પડ્યું હતું! નામદેવ મુસ્કુરાય છે. બાળક અને વૃદ્ધ માતાજી હેરાન છે કે આ શું વાત છે? એમને થયું કે બે પતરાળાં એક સાથે રહી ગયાં હશે. બીજું ઉઠાવ્યું અને બાજુમાં રાખ્યું તો ત્રીજું પડ્યું હતું! એમ કરતાં-કરતાં અગિયારસો પતરાળાં નીકળ્યાં! અને વૃદ્ધ માતાજી રડી પડી કે બાબા, આ શું છે? તો નામદેવે કહ્યું કે, અગિયારસો માણસોને ભોજન કરાવવાનો તારો સંકલ્પ હતો ને? એક સદ્‌ગુરુને ભોજન કરાવી દો, તમારો સંકલ્પ પૂરો. આવા પહોંચેલા સદ્‌ગુરુને ભોજન કરાવવાથી કોણ જાણે કેટલાયે ભંડારા થઈ જાય છે! કોણ જાણે કેટલા લંગર લાગી જાય છે! કોણ જાણે કેટલી ચોરાસી થઈ જાય છે! કોણ જાણે કેટલાય પિતૃઓનું તર્પણ થઈ જાય છે! આવા ગુરુ હોય છે અદ્વિતીય આવા ગુરુ હોય છે અજોડ.

**- (સંકલન: નીતિન વડગામા), મોરારી બાપુ.**

## સ્વતંત્રતા સ્વભાવ હૈ

**પ્રશ્ન: પ્રથમ ઔર અંતિમ સ્વતંત્રતા કે બીજરૂપ કો કૃપા કરકે કહિએ.**

ફિર બીજરૂપ મેં હી કહતા હૂં. સ્વતંત્રતા કા પ્રથમ ઔર અંતિમ સૂત્ર છોટા-સા હૈ. ઈતના-સા હી હૈ કિ તુમ સ્વતંત્ર હો, કુછ કરના નહીં હૈ કિ તુમ સ્વતંત્ર હો, હોના નહીં હૈ. પ્રયાસ, ચેષ્ટા, સાધના, કુછ ભી નહીં. સ્વતંત્રતા તુમ્હારા સ્વભાવ હૈ. સ્વતંત્રતા હૈ હી. તુમ જીના શુરુ કરો. તુમ ઐસે જીના શુરુ કરો જૈસે સ્વતંત્ર હો ઔર તુમ રોજ-રોજ પાઓગે સ્વતંત્રતા બઢતી જાતી હૈ. ઔર એક દિન તુમ પાઓગે, ખૂબ પાગલ થે હમ ભી, નાહક ગુલામ હોને કા ઢોંગ કર રહે થે. સ્વતંત્ર હમ થે. સિર્ફ તુમ્હારા અભ્યાસ હૈ ગુલામી કા, સ્વતંત્રતા તુમ્હારા સ્વભાવ હૈ. તુમ ઉસકી ઉદ્‌ઘોષણા કરો. સ્વતંત્રતા પાની નહીં હૈ, સ્વતંત્રતા હૈ હી. સિર્ફ પ્રગટ કરની હૈ, જૈસે બીજ મેં છિપા હૈ વૃક્ષ, એસે હી સ્વતંત્રતા તુમમેં છિપી હૈ.

તો ઈતના હી સૂત્ર હૈ પ્રથમ ઔર અંતિમ સ્વતંત્રતા કા કિ તુમ્હેં સ્વતંત્ર હોના નહીં હૈ, તુમ સ્વતંત્ર હો. ઈસ બાત કો હૃદયંગમ કરો, ઈસ બાત કો અપને મેં ઉતર જાને દો કિ તુમ્હારે હૃદય કે અંતરતમ મેં વિરાજમાન હો જાએ.

અષ્ટાવક્ર કી પૂરી મહાગીતા કા સ્વર ઈતના-સા હૈ કિ તુમ સિદ્ધ હો, તુમ્હેં સાધક નહીં હોના હૈ.

**- ઓશો, અષ્ટાવક્ર મહાગીતા, ભાગ-છહ, સાતવા પ્રવચન**


**આ અંકનું સૌજન્ય**

**શ્રીમદ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-અમદાવાદ તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

# સતજુગી માણસની કથા

**'પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો' પુસ્તક વિષયક**

ગુજરાતમાં આત્મકથાઓનો સારો ફાલ છે. ગાંધીજીની આત્મકથા તો શીશટોચ છે, કારણકે કોઈએ ન આપ્યું હોય તેવું એમણે સત્યના પ્રયોગોમાં આપ્યું. ડો. ત્રિવેદીની આત્મકથા આ હારમાળામાં અગ્રહરોળમાં સ્થાન લેશે. સ્નાનથી જેમ શરીર સ્વચ્છ થાય છે એમ મગજ સ્વચ્છ કરવા આવી આત્મકથાઓ ઉપયોગી છે એ આપણને પડકારે છે, વિચારવા પ્રેરે છે, દિશા સૂચવે છે.

ડો. હરગોવિંદદાસ લક્ષ્મીશંકર ત્રિવેદી, જાણીતી ઓળખ ડો. એચ. એલ. ત્રિવેદી. આ ડોક્ટર સાહેબના પરિચય માટે વધુ શબ્દોની જરૂર નથી. કિડની પ્રત્યારોપણમાં અમદાવાદથી લઈને એશિયા સુધી તેમની ખ્યાતિ પ્રસરેલી છે. વર્ષ ૧૯૯૭માં પ્રકાશિત તેમની આત્મકથા Tryst with Destinyની અને તેનો ગુજરાતી ભાવાનુવાદ હાલમાં જ નવજીવન પ્રકાશન મંદિરે પ્રકાશિત કર્યો છે, - પ્રસ્તાવના લખી હતી દર્શકે (મનુભાઈ પંચોળી) ''પુરુષાર્થ પોતાનો પ્રસાદ પ્રભુનો'' નામે પ્રકાશિત આ આત્મકથામાંથી પ્રસ્તાવના અને ટર્નિંગ પોઈન્ટ સમાન એક પ્રકરણ...

સૌરાષ્ટ્રના એક ધૂળિયા ગામડામાં જન્મેલ બ્રાહ્મણનો છોકરો, ઊંચે માથે અમેરિકા જાય અને ત્યાં આપ અભ્યાસના બળે માર્ગ જ ન કાઢે પણ યુ.એસ.એ.માં ને કૅનેડા જેવા દેશનાં વિદ્યાધામોમાં માનપાન મેળવે, કોઈ ધનપતિ કે રાજકીય આગેવાનોની ભલામણ નહીં, પણ પોતાના કામથી જ પોતે જમાવેલી ભલામણ. ઊંડો-કદી ન થાક જાણનાર અભ્યાસ, ને સૌને ઉપયોગી થવાની ઈચ્છા.

આ બે બળે તે દાકતરવિદ્યાના નવા અને અજાણ્યા ક્ષેત્ર કિડની બેસાડવાની વિદ્યામાં પંકાયા, ઍવોર્ડ, માન, સદ્‌ભાવ પામ્યા. સુખસગવડો પણ મળ્યાં, પણ તે ભોગવવાનો વખત ક્યાં હતો? ''મારા દર્દીઓ'' નું પ્રકરણ વાંચો, કોઈ મૃત્યુ સામે ઝૂઝતો યુવાન, કોઈ દુખાતી સગર્ભા યુવતી -પોતાની બંધ પડેલી કિડની મળી જાય તો બચી જાય. કિડની ક્યાંક હંગેરી કે જર્મનીમાં છે, યુ.એસ.એ. માં છે. દાક્તર ને હૉસ્પિટલ છે કૅનેડામાં, પણ તારનાં દોરડાં ને ફૅક્સના સંદેશો છે. ઉજાગરો કરી રાતને દિવસ કરનારો માયાળુ - હાર ન સ્વીકારનારો દાક્તર છે. ને તે યુવાન બચી જાય છે, ને એથીયે પ્રસન્ન બને છે દાક્તર પોતે, કારણકે તેને અનુભવ થાય છે કે

શ્રીકૃષ્ણે કહ્યું છે તે અફર સત્ય છે. ''तेषां नित्या भियुक्तानां योगक्षेम् वहाम्यहम्''- તેઓ જે મારી સાથે નિત્ય જોડાયેલા છે તેની સારસંભાળ હું લઉં છું.

હૃદયમાં હામ પૂરનાર અનન્યા ગૃહિણી તો છે જ. નામ પણ કેવું યથાર્થ - 'શારદા'. આ કીર્તિ ને માનપાનની ટોચે પહોંચેલ દાક્તરને એક દિવસે સાદ થાય છે મા ભૂમિનો. જ્યાં આ વિદ્યાના જાણનારા જૂજ છે, ને તેનો લાભ તો અતિજૂજ ગરીબોને મળે છે. આ ગરીબોની આંતરડીનો કકળાટ તેને સંભળાય છે, ને બધી માયા સંકેલી પ્રભુને નામે - ગરીબીએ, અજ્ઞાને, કુસંપે ગૂંગળાતા દેશમાં આવે છે.

તેનું સ્વપ્નું ગુજરાતમાં એક એવું કિડની સંસ્થાન ઊભું કરવાનું છે, જેની જોડ દેશમાં ક્યાંય ન હોય - કાંઈ ઓળખાણ નથી - ભલામણ નથી - એક વાર જમીન નથી - બેંક બૅલેન્સ નથી, અને દસ કરોડનું મકાન ને વર્ષે અરધો કરોડ માગે તેવું સંસ્થાન ઊભું કરવાનું સ્વપ્ન છે.

આ ઘેલા સ્વપ્નને સિદ્ધ કેમ કર્યું તેની આ કથા છે.

ગુજરાત સરકાર સહાનુભૂતિ બતાવે છે પણ તેની પાસે પૈસા નથી. રાજ્ય પાસે અને કેન્દ્ર પાસે પૈસા નથી - ને તે આ બ્રાહ્મણે મેળવવાના છે. ને તે પ્રભુ-પ્રતાપે-સુદામાને દ્વારિકામાં મળ્યું તેમ મળી રહે છે. મુંબઈથી ફોન આવે છે. ''ત્રિવેદી, હું મુંબઈથી રસિક દોશી બોલું છું - આપણે સાથે ભણતા તે યાદ છે.'' ડૉક્ટર કહે છે, ''કેમ યાદ ન હોય.''

રસિક દોશી કહે છે, ''હું થોડું કમાયો છું ને પૈસા ખરચવા છે.' આ બાળપણનો ગોઠિયો તેને પચાસ લાખ રૂપિયા આપે છે ને મફતકાકા પાસેથી બીજા પચાસ લાખ અપાવે છે.

આનું નામ જ મારી સાથે જોડાનારની 'હું સારસંભાળ લઉં છું' તેવો કોલ પણ પૈસાથી જ ન ચાલે, આ તો અદ્યતન વિજ્ઞાનનું કામ. તજજ્ઞ મિત્રો જોઈએ - તેય મળી રહે છે. ડૉ. સૂર્યકાન્ત, ડૉ. વીણા શાહ, ડૉ. પ્રવીણા શાહ, ડૉ. શૈલેશ શાહ, ડૉ. તેજાંશુ શાહ, ડૉ. કીર્તિપાલ, ડૉ. ખેમચંદાની - પોતપોતાના ક્ષેત્રમાં વડેરાં. આ સૌ. ડૉ. ત્રિવેદીને મળી રહ્યાં. આ કેમ બન્યું? આનો કાંઈ કોઈ જવાબ નથી. પણ દાકતરે અમેરિકાની સુખસગવડો માનપાન, ભારતીય રંક દરદીઓ માટે છોડ્યાં ને તેને મળી રહ્યું.

વલ્લભભાઈ, તે વખતના આરોગ્યખાતાના પ્રધાન-સહકારી આગેવાન. ધગશ તો એમની જ - જમીન કાઢી આપે છે. વાત સાંભળીને તરત જ શીંગલું-સચિવ સાંભળીને તરત સ્વાયત્તતા આપે છે - ને નવી સ્વાયત્ત સંસ્થાના નિયામક બનાવે છે. દાક્તર ઘરે જઈને શારદાબહેનને કહે છે - 'નિયામકને વધાલી લે'. કેવો કોમળ સભર પ્રેમ છે. - **સંકલન : શ્રી પંચરત્ન જન સેવાકીય ટ્રસ્ટ, નડીયાદ**

# ડૉ. એચ.એલ. ત્રિવેદીના સંભારણા

# મને તબીબ તરીકે ઘડનાર : મારા દર્દીઓ

દરેક વ્યવસાયને એક કેન્દ્રવર્તી વિચાર હોય છે અને એની પોતાની સંસ્કૃતિ હોય છે. દર્દીની સંભાળ એ આ વ્યવસાયની સૌથી મહત્ત્વની બાબત છે. હું માનું છું કે ડૉક્ટર ઉત્કાંતિના ત્રણ તબક્કામાંથી પસાર થાય છે : પહેલા તબક્કામાં, એ રોગને સમજવાનું શીખે છે. આ જ્ઞાન એને વ્યવસાયિક સામર્થ્ય આપે છે અને તબીબી સમસ્યાઓના ઉકેલ વખતે યોગ્ય સમયે, યોગ્ય નિર્ણય લઈ શકાય એ માટે એને સજ્જ બનાવે છે.

બીજા તબક્કામાં, એ દર્દીને સમજવાનું શીખે છે. જેમાં એ દર્દીની શારીરિક બીમારી કરતાં પણ વધુ તો દર્દીની ચિંતાઓ, અપેક્ષાઓ, આશાઓ અને ભય વિશે જાણે છે. આ હકીકતને દર્દીના સમગ્રતયા અભ્યાસ તરીકે ઓળખાવું છું. હું માનું છું કે દરેક દર્દી માટે પસંદગી પામેલો, ખાસ તૈયાર કરેલો, સારવાર માટેનો કાર્યક્રમ નિર્ધારિત થવો જોઈએ.

ઉત્ક્રાંતિનો ત્રીજો તબક્કો ત્યારે ઊભો થાય છે જ્યારે કોઈ વ્યક્તિ આરોગ્યસેવાની સંસ્થા વિશે આયોજન કરવા બેસે છે. હું માનું છું કે આરોગ્યસેવામાં સંકળાયેલી વ્યક્તિઓએ ફક્ત ને ફક્ત દર્દીની સારવાર અને સંભાળની ગુણવત્તા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સારવાર આપનાર વ્યક્તિ/તબીબના હિતની વાત એ પછી

આવવી જોઈએ. તબીબી વ્યવસાય માટે દર્દી એ પૈસા પેદા કરનારું યંત્ર ક્યારેય ન બનવું જોઈએ. જે દર્દીઓ મારી તબીબી સહાય લેવા માટે મારી પાસે આવ્યા છે એમની સારવાર કરવાની બાબતને મેં હંમેશા મારો હક્ક અને મારું સન્માન માન્યા છે. હું મારું તબીબી જ્ઞાન લાઈબ્રેરીમાં બેસીને વાંચ્યા કરવાથી નહીં પણ વૉર્ડમાં દર્દીઓની સાથે કામ કરીને શીખ્યો છું. હું માનું છું કે કોઈ પણ અંગના કોષોમાં રૂઝ આવવી એ એક કુદરતી પ્રક્રિયા છે અને તબીબ તરીકે આપણે તો એ કુદરતી પ્રક્રિયામાં માત્ર નિમિત્ત જ બનતા હોઈએ છીએ.

મારી પાસે આજે પણ મારાં કેટલાંક દર્દીઓની વિગતો છે જે અનેક વર્ષો થયાં સચવાયેલી પડી છે. આવા થોડાક કિસ્સાઓ મારા વાચકને માણવા ગમશે. આ કિસ્સાઓ મને પડકારરૂપ હતા અને એમણે મારામાંથી એક સારો તબીબી ઘડવાનું કાર્ય કર્યું છે.

તમારા કાર્ય પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા, પ્રેમ અને બૌદ્ધિક પ્રામાણિકતા કેળવતા રહો. આપી શકાય તો સો ટકા નહીં પરંતુ બસો ટકા તમારી જાતને નિંચોવી નાખો, એ સમજણ સાથે કે આ જ તમારું કર્તવ્ય છે. સિદ્ધિ માટે કોઈ ટૂંકો રસ્તો હોતો નથી. મોટાં સ્વપ્ન જોવાં અને ખૂબ મહેનત કરવી એ જ જીવનમંત્ર અપનાવવો અને ઈશ્વરીય શક્તિ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને પ્રમાણિકતાથી કાર્ય કરવું અને એ ઈશ્વરીય શક્તિનો આભાર માનવો કે આ ગૂંચવણ ભરેલી દુનિયામાં એણે તમારા માટે યોગ્ય રચના કરી જીવનને અર્થપૂર્ણ બનાવ્યું. પછી જીવન સુવર્ણ બનીને જ રહેશે.

બુદ્ધિથી પર એવું કોઈ દૈવીતત્ત્વ આ દુનિયામાં છે જ એટલું હું ચોક્કસપણે માનતો થયો છું અને આ તત્ત્વે જ મને મારા સહુથી મુશ્કેલ સમયમાં કેવળ આધાર નથી આપ્યો, પરંતુ મને બચાવી લીધો છે. - **સંકલન : શ્રી પંચરત્ન જન સેવાકીય ટ્રસ્ટ, નડીયાદ.**

## કિડનીદાન સર્વશ્રેષ્ઠ દાન

અકસ્માતમાં મગજને ગંભીર ઈજા થવાથી અથવા મગજની બીમારીને કારણે જ્યારે દર્દી બેહોશ થઈ જાય અને મગજ મૃત્યુ પામે ત્યારે તેને વેન્ટિલેટર (કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ) પર રાખવામાં આવે છે. આવી વ્યક્તિ ફરીથી ક્યારેય ભાનમાં આવવાની શક્યતા હોતી નથી અને હૃદય તથા ફેફસાં કૃત્રિમ રીતે કાર્યરત રાખવામાં આવે છે. આવા દર્દીના સ્વજનો જો તેનાં અંગદાન (જેવાં કે કિડની/લિવર)ની મંજૂરી આપે તો કિડનીના રોગોથી પીડાતા દર્દીને નવજીવન બક્ષી શકાય છે. જો સંજોગવશાત્ આપના સ્વજનને આવી રીતે બ્રેઈનડેથ અધિકૃત રીતે જાહેર કરાય તો તેના અંગદાનની મંજૂરી આપવા અમારી નમ્ર વિનંતી છે. મગજથી મૃત્યુ પામેલ વ્યક્તિનું મૃત્યુ મહાન થાય છે અને આધુનિક યુગમાં દધીચિ ઋષિ બને છે. આવી કોઈ અકસ્માતની કમનસીબ ઘટના બને તો અમને અમારા **ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૮૮૯૯** પર જાણ કરીને અને અંગદાન અંગે સહમતી આપીને અનેકનાં જીવન બચાવવામાં સહભાગી બનવા વિનંતી. સ્વજનોને જરૂર પડે તો કિડની આપો અને અપાવો, - **ડો. એચ. એલ. ત્રિવેદી**

નોંધનીય છે કે અગાઉ મોરારીબાપુની ૭૫૦મી રામકથા અમદાવાદમાં કિડનીના દર્દીઓના લાભાર્થે યોજાઈ હતી, જેમાં મોરારીબાપુની એક ટહેલથી જ નવ દિવસમાં રૂ. પચાસ કરોડની વધુ રકમનું દાન એકઠું થયું હતું.- **પ્રેષક : અરવિંદભાઈ જે. પરીખ.**

**સંકલન : શ્રી પંચરત્ન જન સેવાકીય ટ્રસ્ટ, નડીયાદ**

## શ્રદ્ધાનો હો વિષય તો...

**કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી**

વ્યાસપીઠ પરથી વારંવાર કહેલો આ શેર જલન માતરીને નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થયો ત્યારે મોરારિબાપુએ એમના વક્તવ્યમાં જુદા સંદર્ભમાં કહ્યો. પુરાવા માગવાની મોસમમાં એમણે કહ્યું કે આ શેર દિલ્હીવાળાને સમજાવાની જરૂર છે. એમણે એક માર્મિક વાત પણ કરી કે દશેરા પર રાવણદહન અડધું થયા પછી બાકીના માથા દિલ્હી લઈ જવા પડે કેમકે રાવણ બળી ગયાની સાબિતી પણ માંગવામાં આવે છે. આશ્ચર્યની વાત એ કે જે માત્ર દાવા કરે છે એ જ પુરાવા માંગે છે! જેના પર શ્રદ્ધા હોય એની સાબિતી ન હોય. શ્રદ્ધેયની જ્યારે સાબિતી મંગાય ત્યારે આંખ ભીની થઈ જાય. અને વળી કૈલાસ પંડિતનો શેર યાદ આવે.

**સહારો આંસુઓનો પણ હવે કૈલાસ ક્યાં બાકી**
**રૂદનના કારણો દુનિયા ખુલાસાવાર માગે છે !**

અફસોસ કે દિલાસા આપવાને બદલે ખુલાસા માગવામાં આપણી શ્રદ્ધા ખંડિત થઈ જાય છે. શ્રદ્ધા તત્વને કારણે આ દુનિયા ટકી રહી છે. પૃથ્વી જો કોઈ એક ધરી પર અવિરત ફરી રહી હોય તો એ ધરીનું નામ શ્રદ્ધા છે. કોઈને ધર્મમાં શ્રદ્ધા છે તો કોઈને સંપ્રદાયમાં, કોઈને વિધિવિધાનમાં તો કોઈને કર્મકાંડમાં. કોઈ કોઈના વચનમાં આસ્થાવાન છે તો કોઈ કોઈના દર્શન માત્રથી પુલકિત થઈ જાય છે. પિતાને પુત્રના પરાક્રમ પર શ્રદ્ધા છે તો પુત્રને પિતાના વાત્સલ્ય પર. એક રીતે જોઈએ તો ઘરનો મોભ શ્રદ્ધાના ટેકે જ અડીખમ ઉભો હોય છે. કોઈ પરિણામની અપેક્ષાએ શ્રદ્ધાવાન છે તો કોઈની શ્રદ્ધા હેતુરહિત પણ હોય છે. શબરીની શ્રદ્ધાને પ્રતિક્ષાનો રસ્તો જડે છે, તો અહલ્યાની શ્રધ્ધાને સ્થિરતાનો. મીરાની શ્રદ્ધા ઝાંઝરી બની જાય છે તો દ્રૌપદીની શ્રદ્ધા સાદમાં પડઘાઈ જાય છે. જો શ્રદ્ધા ન હોત તો નાગર મહેતો નરસૈયો ન બની શકત. વાત પરચાની નથી, પામ્યાની છે. વિકટ જીવનપથ પર ચાલી નીકળ્યા છીએ તો ભરોસાનું જ ભાથું ભેળું લેવું પડે. વ્યક્તિ પરનો ભરોસો ભોઠો પડી શકે, માનવતા પર ભરોસો ડગવો ન જોઈએ. ભેરુના ભરોસા ભૂલભરેલા હોઈ શકે, ભરોસા નામનો ભેરુ ક્યારેય ભટકવા દેતો નથી.

શ્રદ્ધાના નામ અલગઅલગ હોય છે, પરમ વિશ્રામ આપનાર તો શ્રદ્ધા જ. શંકા થઈ શકે પણ કુશંકા થાય ત્યારે શ્રદ્ધાનો ઉંબરો પૂજ્યા વિનાનો રહી જાય છે. પ્રહલાદની હોલીકામાં ન સળગ્યાની વાત પર આપણને વિશ્વાસ ન બેસે, પણ આજે ય ભડકે બળતી ઈમારતોમાંથી કોઈ જીવતા નીકળ્યાના દાખલા જડે છે, ક્યારેક ભૂકંપના કાટમાળ નીચેથી પાંચ-પાંચ દિવસે ધબકતા ભૂલકાં નીકળે છે. મરણતોલ કસોટીના એ સમયમાં એ ટકી રહ્યા એનું કારણ એની કોઈક એવી શ્રદ્ધા જ હશે. શ્રદ્ધાવાનને જ્ઞાન મળે છે એવું કહેનારી ભગવતગીતા એમ પણ કહે છે કે સંશયી આત્માનો નાશ થાય છે. શ્રદ્ધા ચમત્કાર સુધી નથી લઈ જતી, શ્રદ્ધા સાક્ષાત્કાર સુધી લઈ જાય છે!

ચાર્જિંગ પોઈન્ટ :

નથી હોતું કશું જોવાપણું ક્યારેય શ્રદ્ધામાં
ઘણાં પગલાં વટાવી જાઉં છું એકાદ પગલાંમાં - **મનહર મોદી**

**શ્વાસનું રિચાર્જ, પ્રણવ પંડ્યા. સૌ. જન્મભૂમિ પ્રવાસી**

## હું માનવી માનવ થાઉં તો ઘણું !

એક દંપત્તિ ફિલૌડોલ્ફયાની એક નાની હોટેલમાં આવે છે. બહાર તોફાન સાથે ભારી વર્ષા થઈ રહી હતી અને ઠંડી પણ વધી રહી હતી. આ દંપત્તિએ ઈલાકાની સર્વે હોટેલોમાં રૂમ માટેની પૂછા કરી આવી હતી. કોઈ પણ હોટલમાં કોઈ રૂમ ખાલી ન હતા. દંપત્તિએ એ હોટેલના મેનેજરને વિનંતી કરી કે આવી પરિસ્થીતીમાં એક રાત માટે સહાયતા કરે. એ મેનેજરમાં માનવતા હતી. એણે કહ્યું હું ગરીબ છું. મારી પાસે મારો એક રૂમ છે એમાં એક જ ખાટલો છે જે સાધારણ છે. હું એ રૂમ આપને આપી શકું છું. એ આગંતુક દંપત્તિએ પુછ્યું કે આપ કઈ જગ્યામાં રાત વિતાવશો? ત્યારે મેનેજરે કહ્યું મારી ફિકર ના કરશો, હું જેમ તેમ રાત વિતાવી દઈશ, એવી રીતે એ દંપતીનું કામ થઈ ગયું.

કેટલાક વર્ષો પછી આ મેનેજરને એક પત્ર મળ્યો. જેની સાથે એક ન્યુયોર્કની ટિકિટ હતી. એ મેનેજર ન્યુયોર્ક પહોંચ્યો. ત્યારે એણે ઘણા વર્ષો પહેલા એક દંપત્તિને વર્ષાની ઋતુમાં મદદ કરી હતી એ દંપત્તિ એની સામે ઉભા હતા, એ અમેરીકાના એક ન્યાયાધીશ વિલિયમ વેલફોર્ડ આપ્ટો હતા. એમણે એ મેનેજરનું સ્વાગત કર્યું. એમણે કહ્યું ''અમે આ હોટલ આપના માટે બનાવી છે. અને આજથી આપ આ વિશાળ હોટલના મેનેજર છો.'' મેનેજર આશ્ચર્યચકિત થઈ ગયા. એણે કહ્યું, ''હું એક નાની હોટેલનો મેનેજર છું. મારું ભણતર પણ ઓછું છે તો આટલી વિશાળ હોટલ હું કેવી રીતે સંભાળી શકીશ.'' ત્યારે ન્યાયાધીશ કહ્યું આપ સાધારણ માનવ નથી. આપમાં માનવતાના એવા ગુણ છે જે વિશિષ્ટ અને પ્રતિભાશાળી વ્યક્તિમાં હોય છે. આપ કોઈ પણ કાર્યને સુંદર અંજામ આપી શકો છો. અને આ વિશ્વમાં આપથી ઉત્તમ કોઈ વ્યક્તિ નથી.- **પ્રેષક : રતિલાલ વોરા**

## સુખ તમારી પાસે જ છે.

એક માણસ ભારે ગરીબ. એના નાનકડા ઘરમાં પણ ગરીબી રાસડાં લે. જ્યાં-ત્યાં ધૂળ ને બાવાં બાઝી ગયેલાં. એના ઘરે કોઈને આવવું ગમે નહીં. એ માણસ એની કમનસીબી પર રડ્યા કરે.

એક મહાત્મા પાસે એણે ધા નાખી. મહાત્માએ એને એક સુંદર અને આકર્ષક ફૂલદાની આપીને કહ્યું: 'આ જાદુઈ ફૂલદાની તારી ગરીબી દૂર કરશે.'

પેલો માણસ ફૂલદાની ઘરે લાવ્યો. કશો ચમત્કાર થયો નહીં એટલે એને વેચી દેવાનો વિચાર આવ્યો, પણ પછી મન મનાવીને થોડા દિવસ રાહ જોવાનું નક્કી કર્યું.

ટેબલ પર રાખેલી ફૂલદાની જોઈને પેલા માણસને વિચાર આવ્યો: આટલી સુંદર ફૂલદાની સાવી ખાલી રહે એ બરાબર નથી.

આથી થોડાં ફૂલ લાવીને ફૂલદાનીમાં ગોઠવ્યાં. હવે ફૂલદાની વધારે શોભી ઊઠી. આ જોતાં એણે વિચાર્યું: આટલી સુંદર વસ્તુની બાજુમાં બાવાં-જાળાં બાજી ગયેલાં દેખાય એ સારું નથી લાગતું.

એટલે હવે એણે ઘરની સફાઈ કરવાનું શરૂ કર્યું. બાઝી ગયેલાં જાળાં ઝાપટી નાખ્યાં. જ્યાં-ત્યાં પડેલો કચરો અને ધૂળ સાફ કરી નાખ્યાં. બારી-બારણાંની ઝાપટઝૂપટ કરી નાખી. દીવાલ પર પડેલાં પોપડાંને કાઢી નાખીને ધોળી નાખી.

સ્વચ્છ થયેલું ઘર હવે ગરીબડું નહોતું દેખાતું. ઉષ્માભર્યું અને આરામદાયક બની ગયું હતું. પેલો માણસ પણ હવે ગરીબ નહોતો રહ્યો. એ હવે મહેનતુ બની ગયો હતા ને પોતાની કમનસીબી પર વિચારવાનો કે અફસોસ કરવાનો એની પાસે સહેજે સમય નહોતો.

સારાંશ એ કે કમનસીબીને કોસ્યા કરવાને બદલે નાનકડા એવા હકારાત્મક પરિવર્તન સાથે સાચી દિશામાં મહેનત કરવામાં આવે તો જીવનમાં સુખની લહેરખીનો અનુભવ જરૂર થાય. - **રાજુ અંધારિયા**

## જીવદયા - (ત્રણ લઘુકથા)

૧. બાથરૂમનું બારણું ખખડાવતા વાણીએ કહ્યું, ''પપ્પુ! ન્હાવામાં આટલી બધી વાર લાગે ?''

પપ્પુએ બાથરૂમમાંથી જવાબ આપ્યો; ''મમ્મી, અહીં ખાળ પાસે થોડાં જીવડાં છે તે ચાલ્યા જાય તેની રાહ જોઉં છું. હું ગરમ પાણી રેડીને ન્હાઉં તો એ બિચારા મરી ન જાય ?''

પપ્પુનું સાચું નામ પ્રજ્ઞેશ હતું.

૨. મમ્મીએ કહ્યું: ''પપ્પુ, તું ખાવાની મીઠી વાનગીઓ વેરીને કચરો કેમ કરે છે ?''

પપ્પુએ કહ્યું: ''મમ્મી, આપણે ક્યારેય કંઈ વેરશું જ નહિ તો કીડી મકોડાને ખાવા ક્યાંથી મળશે ?''

## ભેદ

૩. શિયાળાની એક રાતે કોઈ એક શયન ખંડમાં ઊડતા મચ્છરે એક ગુલાબી ચાદરને કહ્યું: ''તું જરા તારી જાતને જરા એક બાજુ સરકાવી દે તો હું તને ઓઢીને સૂતેલા આ માનવીને એકાદ ડંખ દઈ થોડું રકતપાન કરી લઉં.''

ગુલાબી ચાદરે મચ્છરના કાનપાસે મોં લઈ જઈને ધીમેથી કહ્યું:

''અલ્યા તું અને આ સૂતેલો માણસ બંને સજીવ છો. જ્યારે હું તો જડ નિર્જીવ છું. અમે નિર્જીવો બધા પૂર્ણ નિવૃત્તિમાર્ગને વરેલા છીએ. તમે સજીવો બધા રાગ, દ્વેષ અને દ્વૈતથી ભરેલા છો. એક બીજાના ગળા કાપો છો. વળી અમારો નિર્જીવોનો મરજી પડે તેવો ગેરઉપયોગ કરો છો. અમે સારું કે નરસું કાંઈ કરતા નથી અને જાતે કર્મથી બંધાતા નથી. અમારામાં વર્તનનો જ અભાવ છે. તેથી તારે રક્તપાન કરવું હોય તો આ માનવી પડખું ફરે તેની રાહ જો, હું તને કાંઈ મદદ ના કરી શકું.''- **હરકિસન જોષી, વંડાફળી-૧, જામનગર-૩૬૧૦૦૧**

## ૪. सत्यमेव जयते।

આપણા ભારતદેશનો રાષ્ટ્રીય મંત્ર છે-सत्यमेव जयते। બ્રહ્માંડનો બ્રહ્માંડીય રાષ્ટ્રીય મંત્ર પણ આ જ છે-सत्यमेव जयते। અસ્તિત્વનો સનાતન નિયમ છે-सत्यमेव जयते।

આપણે સૌ આપણા આ રાષ્ટ્રીય મંત્રને જાણીએ છીએ-सत्यमेव जयते। આપણો આ રાષ્ટ્રીય મંત્ર ક્યાંથી લેવાયો છે ? આ મહામંત્રનું મૂળ સ્થાન ક્યાં છે ? આ મહામંત્ર મુંડકોપનિષદના એક મંત્રનો એક નાનો અંશ છે. પૂરો મંત્ર આ પ્રમાણે છે-

सत्यमेव जयते नानृतं। सत्येन पन्था विततो देवयानः।।

येनाक्रमन्त्यृषयो ह्याप्तकामा। यत्र तत् सत्यस्य परमं निधानं।।

मु. उ,; ३-१-६

''સત્યનો વિજય થાય છે. અસત્યનો નહિ. દેવયાત માર્ગ સત્યથી પરિપૂર્ણ છે. આ માર્ગ દ્વારા આપ્તકામ ઋષિઓ તે સ્થાનમાં ગમન કરે છે, જ્યાં પરબ્રહ્મ પરમાત્માનું પરમધામ છે.''

- **સંકલન : શ્રી પંચરત્ન જન સેવાકીય ટ્રસ્ટ, નડીયાદ**

## પત્રપ્રસાદી

૧. તમે તમારી સાધનાવસ્થાના અનુભવો અને વિચારો મૂકવાનું મન કર્યું તે ગમ્યું. આપણે ખસી જઈને જે શાશ્વતીનો સ્પંદ અનુભવાયો તે સાચવવા-સંપ્રેષવા જેવું જ હોય તમને અભિનંદન. ''ગોરક્ષા પાત્ર'' સાદ્યંત જોતો જ રહું છું. ઘણું અનુભવામૃત અને આચરણામૃત તેમાં આવે છે. આનંદ, **રમેશભાઈ સંઘવી, ભુજ**

૨. ગો. પત્ર મળ્યું આખુ વાંચી ગયો તમે તમારી જીવનસાધના વાગોળવા લાગ્યા એ ગમ્યું. એમાંથી કંઈક સાર વાંચકને મળી રહે. પણ એમાં જ્ઞાન એટલે શું? એની કોઈ સ્પષ્ટતા નથી, મારી દ્રષ્ટિએ તમને સત્યનો ઝબકારો થયો એ તમારા અંતરથી ઉદભવ્યો, એ જ તમારો માર્ગદર્શક અને ભોમિયો બની રહ્યો. સંસારમાં અનેક મહાપુરુષોના જીવનમાં ઘણી વખત નાની ઘટના જીવન પ્રવાહ બદલાવી નાખે છે એ તમે ઘણાના જીવનમાં જોયું હશે.

તમારી પત્રિકા ધીમે ધીમે ગજુ કાઢવા લાગી છે પરંતુ છાપ દોષ ન રહેવો એ વધારે પ્રસંશનીય ચિંતક બનશે.

ગોરક્ષા પાત્રમાં ઓછામાં ઓછા બે પાન મુખ્ય વિષયના હોવા જોઈએ તો વધુ શોભશે. **મનુભાઈ પંડિત, મણીનગર અમદાવાદ**

૩. તમે નવા અવતારમાં ગો.પા. મુખપત્ર નિમિત્તે વિચાર સંક્રમણ અને વિચાર જાગૃતિ માટે પ્રયત્નશીલ છો એ આનંદની વાત છે. જેમને કાંઈક કહેવાનું હોય તે સામાયિક શરૂ કરે છે.

તમે 'ગોરક્ષા પાત્ર' નામ કેમ પસંદ કર્યું તે જાણતો નથી હકીકતે આ ''વિચાર પાત્ર'' છે.

તમે સંપાદિત કરેલા પ્રસંગો, ઘટનાઓ અને વિચારો જાત કેળવવા અભિમુખ વાંચકો માટે જરૂર પ્રેરક બની રહેશે. લખાણોમાં વૈવિધ્ય તુરંત ધ્યાન ખેંચે છે.

સમાજ જીવનની વ્યાપક કેળવણી માટે આવી નાની પત્રિકાઓ પણ હોમિયોપેથીની અનેક પુટ ચડેલી ગોળી જેવી અસરકારક બનતી હોય છે.

તમારા પુરુષાર્થ અને નિસ્બત માટે હાર્દિક અભિનંદન.

**મનસુખભાઈ સલ્લા, અમદાવાદ.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. રાજેન્દ્ર જૈન | - અમદાવાદ | ૧૦૦/- |
| ૨. પ્રવીણભાઈ વોરા | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૩. ભરતભાઈ વડેરા | - કાંદિવલી | ૧૦૦/- |

**નોંધ: ગો.પા. ને બે વરસ પુરા થઈ રહ્યા છે. હજી અડધાથી વધારેના લવાજમ નથી આવેલ તેમજ પત્રિકા મળે છે એમ પણ નથી જણાવેલ આપને વિનંતિ છે કે લવાજમ સમયસર મોકલવું જરૂરી છે. જેમણે એક વરસનું લવાજમ ભરેલ છે તેમણે ફરી લવાજમ મોકલી આપવા વિનંતિ. અહિંથી વ્યક્તિગત કોઈને પત્ર આ માટે લખવામાં નથી આવતો. એટલો સમય પણ નથી. જો આપને રસ ન હોય તો એની જાણ કરવા નમ્ર વિનંતિ છે. તંત્રી.**

**<u>નોંધ</u>: આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code : IFSC BKID 0000031**.

## શ્રદ્ધા જીવવી પડે

શ્રદ્ધા જીવવી પડે,
જીવવાની હિલચાલમાં શ્રદ્ધાનો ષડજ્ સ્થાયી
સ્વર બનીને રણકે છે, રણકવો જોઈએ
પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા જીવન સંગીતનો ષડજ્
તો
માનવ માત્ર પ્રત્યેનો સ્નેહાદર તેનો રિષભ્
સમ્બન્ધોમાં છલકતી વિનમ્રતા ગંધાર ગણાય
તો
આત્મવિશ્વાસ નો હુંકાર ગૌરવવન્તો મધ્યમ કહેવાય
બ્રહ્માણ્ડ સાથેની તદાત્મતા ભાગ્યશાળી પંચમ
તો
સુખ-દુ:ખોમાં ચિત્તનું સમત્વ તે ધૈવત ગણાય
આત્મીયતાની અર્થાત પ્રેમની પ્યાસ નિષાદ
બનીને મિઠાશ વેરે છે.
જીવન જીવવું એક મહાકાવ્ય છે, સંગીત છે
જીવવાના કર્મો સૂર બનીને મ્હાલે અને
કર્મોમાં થિરકનારો સંવાદ લય પૂરો પાડે
જીવન સંગીત વિશ્વમાં નિદાદે છે.
પ્રાણીમાત્રમાં તેના રણકા સંભળાય છે.
પ્યારું જીવન ! પ્યારું જીવવું !
પ્યારું છે હસવું ને રડવું !!

**- વિમલાબેન ઠકાર, ''અમરિત કી બરખા'' માંથી સાભાર.**

## દીવડો

મેં તો ઉંબર પર દીવડો મેલ્યો કે
ઘર મારું ઝળહળતું,
પછી અંધારો ઓરડો ઠેલ્યો
ભીતર મારું ઝળહળતું
મેં તો મેડીએ દીવડો મેલ્યો કે
મન્ન મારું ઝળહળતું
પછી ડમરો રેલમ છેલ રેલ્યો કે
વન્ન મારું ઝળહળતું
મેં તો કુવા પર દીવડો મેલ્યો કે
જળ મારું ઝળહળતું.
પછી છાયામાં છાયો સંકોલ્યો.
સકલ મારું ઝળહળતું.
મેં તો ખેતર દિવડો મેલ્યો
પાદર મારું ઝળહળતું,
પછી અવસર અજવાળાનો ખેલ્યો
અંતર મારું ઝળહળતું,
ગગન મારું ઝળહળતું,
પછી અણદીઠો અક્ષર ઊકેલ્યો
ભવન મારું ઝળહળતું

**દલપત પઢિયાર, પ્રેષક : મનસુખભાઈ સલ્લા, અમદાવાદ**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

# કલિંગરોની કહાની

મારૂ મૂળ ગામ પર્રા - ગોવામાં આવેલ છે. અમે ત્યાંના વતની એટલે અમારી અટક પર્રીકર. અમારૂ ગામ કલિંગરોમાટે પ્રખ્યાત હતુ. નાનપણમાં મને યાદ છે. ગામમાં કલિંગર ખાવાની હરિફાઈ યોજાતી હતી. મે મહિનામાં જ્યારે કલિંગરો પાકવા લાગે એટલે ગામના ખેડૂતો ગામના બધાં જ છોકરાઓને એમના ખેતરમાં કલિંગર ખાવા માટે બોલાવતા. અમે બધા ઉમટી પડતા અને મન ધરાઈને કલિંગરો ખાતા. ત્યારબાદ હું I I T મુંબઈ માં ભણવા ગયો. ઘણા વર્ષ લગભગ ૬-૭ વર્ષ પછી હું ગામ પાછો આવ્યો. હું બજારમાં કલિંગરોની શોધમાં નીકળી પડ્યો. મેં નાનપણમાં જોયેલા એવા મોટા કલિંગર ક્યાંયે જોવા નહિ મળ્યા. જે હતા તે નાના ટચુકલા હતા. કલિંગરની તપાસમાં હું ગામના પેલા ખેડૂતને મળવા ગયો જેની વાડીમાં અમે કલિંગર ખાતા. હવે એનો દિકરો ખેતી કરતો હતો. એણે કલિંગર ખાવાની સ્પર્ધાની પ્રથા ચાલુ રાખેલી પણ એમાં થોડો ફરક હતો. એના પિતા જ્યારે અમને કલિંગર ખાવા આપતા ત્યારે એક શરત મુકેલી. અમારે એના બી ન ચાવતા એક વાટકામાં જમા કરવા એમ કહેવામાં આવતું હતું. આ રીતે એ પોતાના બીજા વર્ષના પાક માટે બી જમા કરી રહ્યો હતો અને અમે એના બિનવેતની મજુર સાબિત થઈ ગયા. સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ બી મેળવવા માટે એ પોતાના ઉત્તમ ઉત્કૃષ્ટ કલિંગર બજારમાં મોકલતો ન હતો. ઉત્તમ અને ઉત્કૃષ્ટ કલિંગરો એ હરિફાઈમાં મૂકતો હતો. અને આવી રીતે સર્વોત્તમ બી મેળવી આવતા બીજા વર્ષના પાક માટે વાપરતો હતો. જેથી કરીને બીજા વર્ષે હજીએ મોટા કલિંગર પાકતા હતા.

આમ ભલે અમે બાળમજુર બનતા પણ પેલો ખેડૂત આ રીતથી બિયારણ જાળવી રાખતો. જેના થકી બીજા વર્ષે કલિંગર તેનાથીય મોટા અને સારા નિવડતા અને વર્ષાનુવર્ષે મબલક અને ઉત્તમ પ્રકારનો પાક ઉતરતો.

હમણાંના પુત્ર ખેડૂતને બજારીકરણની લહેર સ્પર્શી ગયેલી. ઉત્તમ કલિંગરને બમણા ભાવ મળે એ લાલચથી પરદેશી બજારમાં વેચી કાઢતો અને સ્પર્ધા માટે નાના અને ઉતરતી કક્ષાના કલિંગર જ રાખતો. એના મન આ સ્પર્ધા એ ખોટનો સોદો હતો. આ સ્પર્ધામાં જે બી જમા થતા એ બીયારણ તરીકે વપરાતા. એમ કરીને દર વર્ષે કલિંગરની કક્ષા ઉતરતી ગઈ અને હાલમાં એવા નાના જ કલિંગર તૈયાર થતા.

આમ કરીને સાત વર્ષમાં પર્રા ગામના સર્વોત્કૃષ્ટ કલિંગરો ખતમ થઈ ગયા.

કલિંગર મૌસમી પાક હોવાથી એની પેઢી એક વર્ષની ગણાય. પહેલા વર્ષના મૌસમથી બીજા વર્ષના મૌસમમાં પેઢી બદલાય જાય. આમ ૭ વર્ષમાં પર્રા ગામમાં ઉત્તમ કલિંગરની નસલ નાશવંત પામી.

મિત્રો, આજ વિચારને માનવસમાજના દ્રષ્ટિકોણથી જોઈએ. મનુષ્યમાં એક પેઢી સરેરાશ વીસથી પચ્ચીસ વર્ષની ગણાય. આજ ગણિત જો માંડિયે તો ૭ થી ૮ પેઢી પછી એટલે કે લગભગ ૨૦૦ વર્ષ પછી આપણને જણાશે કે આપણા બાળકોને પાયાનું શિક્ષણ અને મુલભૂત સંસ્કાર આપવામાં શી કચાશ બાકી રહી ગઈ છે.

આજની શિક્ષણપ્રણાલી જેમાં પાયાનુ શિક્ષણ અને મુળભૂત સંસ્કાર ઘસાઈ ગયા છે. અને એના થકી ઉતરતી કક્ષાનો માનવસમાજ સર્જાઈ રહ્યો છે. પરંતુ આ બધું સમજવા કે સ્પષ્ટ જાણવા ૮ પેઢી નીકળી જશે.

શું આપણે હમાણાંથી જ સજાગ ન થઈ શકીએ? શું આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિ અને તેમાં સુચવેલ શિક્ષણ અને નીતિનો ગહન અને સમઝણપૂર્વક, વિવેકપૂર્વક અભ્યાસ ન કરવો જોઈએ?

**- (ઈન્ટરનેટ પરથી અનુવાદિત) ટીના સંપ્રતિ** ગડા.

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2016
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**